આજનો સુવિચાર

આવેલ તક ને ઝડપી લો એમાં જ તમારું ભાગ્ય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૯ જૂનાગઢ તા.૧૯-૧૦-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 259, Junagadh : Date : 19 October, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## અરબી સમુદ્રમાં વેરાવળથી ૯૮૮ કી.મી. દુર લો-પ્રેશર સર્જાયું : વાવાઝોડાનો ખતરો



રાજકોટ,તા.૧૯

અરબી સમુદ્રમાં વાવાઝોડાની સીસ્ટમ આકાર લઈ રહી છે જોકે, ગુજરાતને અસર થવાની શકયતા ન હોવાનું પ્રાથમીક રીતે માલુમ પડી રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં વેરાવળથી ૯૯૮ કી.મી. દુર અરબી સમુદ્રમાં લો-પ્રેસર સક્રિય થઈ છે જે વધુ મજબુત થઈને ડીપ ડીપ્રેશનમાં ફેરવાવા સાથે વાવાઝોડામાં પરિવર્તીત થઈ શકે છે. વાવાઝોડુ આકાર પામે તો તેને તેજ નામ અપાશે.

હવામાન નિષ્ણાંતોએ કહ્યું કે ૨૧ ઓકટોબારે સીસ્ટમ મજબુત થયા બાદ તેની દશા અને દિશાનો ચોકકસ અંદાજ આવી શકશે અત્યારે વાવાઝોડાથી ગુજરાતને અસર થવાની શકયતા જણાતી નથી.

## હવે ઈઝરાયલ - લેબનોન વચ્ચે યુધ્ધ : અમેરીકાએ ઈરાનનાં મિસાઈલ કાર્યક્રમ પર પ્રતિબંધ મુકયો

નવી દિલ્હી, તા.૧૯:

ઈઝરાયલ - હમાસ ઉપરાંત હવે યુધ્ધનો નવો મોર્ચો ખુલી રહયો છે જેમાં લેબનોનનાં શિયા જૂથ હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચે યુધ્ધ શરૂ થઈ ગયું હોવાના અહેવાલો મળી રહયા છે. ઈઝરાયલ અને લેબનોનનાં હિઝબુલ્લાહ વચ્ચે સામ સામે હુમલા થઈ રહયા છે.

દક્ષિણ લેબનીઝ શહેર કફારચૌબા પર ગતરાત્રે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૨૦૨૦ માં યુએસ ડ્રોન હુમલામાં માર્યા ગયેલા કુદ્સ ફોર્સના ભૂતપૂર્વ કમાન્ડર કાસેમ સુલેમાનીના સ્મારકને કથિત રીતે નષ્ટ કરી દેવામાં આવ્યું છે. ઈઝરાયલ - લેબનોન યુધ્ધ શરૂ થયું છે બંનેએ એકબીજા ઉપર હુમલા કર્યા છે.

લેબનોનના હિઝબુલ્લાએ કહ્યું છે કે તેણે ગાઈડેડ મિસાઈલો વડે ઈઝરાયેલના લક્ષ્યો પર અનેક હુમલા કર્યા છે. એક નિવેદનમાં, શિયા હિઝબુલ્લાહ જૂથે બુધવારે જણાવ્યું હતું કે તેણે મિસાઈલો વડે ત્રણ ઈઝરાયેલી સાઈટ્સને નિશાન બનાવી છે. તેમાં ઈઝરાયેલી સૈનિકો માટેનું એક કેન્દ્ર અને ઉત્તર ઈઝરાયેલમાં અલ-મનરાની દક્ષિણે એક સર્વેલન્સ અને રિકોનિસન્સ સિસ્ટમનો સમાવેશ થાય છે. હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા હતા. હિઝબુલ્લાએ તેના એક સભ્યના મૃત્યુની પુષ્ટિ કરી છે, બીજી તરફ બાઈડેનની ઈઝરાયલ મુલાકાત બાદ અમેરિકાએ ઈરાન પર નવા પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી છે. આ પ્રતિબંધો ઈરાનના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર લગાવવામાં આવશે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને આ માહિતી આપી છે.

## ગાઝાની હોસ્પીટલ પર હુમલો કર્યાનો ઈઝરાયલનો ઈન્કાર યુનોની સુરક્ષા પરીષદને પુરાવા આપશે

તેલઅવિવ તા. ૧૯


ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૩ દિવસથી ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે. હમાસ દ્વારા શરૂ કરાયેલા યુદ્ધનો ઈઝરાયેલે જડબાતોડ જવાબ આપ્યો છે. ઈઝરાયલી સંરક્ષણ દળો ગાઝા પટ્ટી પર ભીષણ હુમલો કરી રહ્યા છે. આ દરમિયાન ગાઝાની અલ અહલી હોસ્પિટલ પર હુમલો થયો હતો. જેમાં ૫૦૦ લોકોના મોત થયા છે. જો કે ઈઝરાયેલનું કહેવું છે કે આ હુમલો તેના દ્વારા કરવામાં આવ્યો નથી, જ્યારે હમાસે આ હુમલા માટે ઈઝરાયેલને જવાબદાર ગણાવ્યું છે. હવે ઈઝરાયેલે કહ્યું છે કે તે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને પુરાવા આપશે કે આ હુમલો ઈઝરાયેલ દ્વારા કરવામાં આવ્યો નથી. ઈઝરાયેલના વિદેશ મંત્રીએ આ અંગે નિવેદન જાહેર કર્યું છે.

## બ્રિટીશ પીએમ ઋષિ સુનક ઈઝરાયલ પહોંચ્યા

તેલઅવિવ તા.૧૯ : અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડનની મુલાકાત બાદ બ્રિટીશ વડાપ્રધાન ઋષિ સુનક પણ આજે ઈઝરાયલની મુલાકાતે તેલઅવિવ પહોંચી ગયા છે અને ઈઝરાયલને બ્રિટનનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યુ છે. ઈઝરાયલ - હમાસ યુધ્ધ વચ્ચે છેલ્લા ૩ દિવસમાં ત્રણ મોટા નેતાઓ જર્મનીનાં ચાન્સેલર, અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડન અને બ્રિટીશ વડાપ્રધાને ઈઝરાયલની મુલાકાત લીધી છે.

અમેરીકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કહયું છે કે તેઓ પણ ઈઝરાયલ જઈ શકે છે.

## યુધ્ધમાં અમેરીકાની દખલથી રશિયા નારાજ કાળા સમુદ્રમાં હાઈપરસોનિક મિસાઈલ ઉતારી



મોસ્કો તા. ૧૯

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ ચાલુ છે. બે અઠવાડિયા પહેલા જ્યારે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો ત્યારે અમેરિકા તુરંત જ ઈઝરાયેલના સમર્થનમાં આવ્યું. રાષ્ટ્રપતિ જો બાયડેને તમામ સહાયતાની ખાતરી આપી અને થોડા કલાકોમાં ઈઝરાયેલ તરફ લશ્કરી કાફલો મોકલ્યો. એમ કહી શકાય કે અમેરિકા ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષમાં વધારે રસ દાખવી રહ્યું છે, પરંતુ તેનાથી રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પણ નારાજ થયા છે. જોકે તેમની ચિંતાનું કારણ શું છે?

દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિએ ઈઝરાયેલને અમેરિકાની મદદ અંગે ચીનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કર્યા બાદ પત્રકાર પરિષદમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકાએ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના સંઘર્ષના જવાબમાં ભૂમધ્ય સમુદ્રમાં બે એરક્રાફ્ટ કેરિયર મોકલ્યા છે. રશિયાએ ભૂમધ્ય સમુદ્રમાં અમેરિકાની સીધી હાજરીને પોતાના માટે એક અસ્પષ્ટ ચેતવણી તરીકે લીધી છે. તેથી રશિયાએ બ્લેક સીમાં પેટ્રોલિંગ કરવા માટે કિંજલ હાઈપરસોનિક મિસાઈલો સાથે રશિયન એરક્રાફ્ટને તહેનાત કરવાનો આદેશ આપ્યો છે.

## ગાઝામાં નરસંહાર અટકાવવા યહૂદી અમેરીકનોએ સંસદમાં ધરણા કર્યા : વિશ્વનાં અનેક દેશોમાં યુધ્ધ વિરોધી દેખાવો



વોશીંગ્ટન તા. ૧૯

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૧૨ દિવસોથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. હજારો લોકો આ યુદ્ધમાં જીવ ગુમાવી ચૂક્યા છે પણ અત્યાર સુધી યુદ્ધવિરામ ના કોઈ સંકેત જોવા મળી રહ્યા નથી. દરમિયાન ગાઝા પર હુમલા બંધ કરવા અને યુદ્ધવિરામની માગ સાથે પ્રગતિશીલ યહુદી-અમેરિકી કાર્યકરોએ વોશિંગ્ટનમાં યુએસ કેપિટલ (અમેરિકી સંસદ ભવન)માં ઘૂસીને ધરણાં કર્યા હતા.

ગાઝામાં ઈઝરાયલ - હમાસ વચ્ચેનાં યુધ્ધમાં ગંભીર માનવીય કટોકટી સર્જાતા યુધ્ધનાં વિરોધમાં વિશ્વનાં અનેક દેશોમાં અને શહેરોમાં યુધ્ધ વિરોધી દેખાવો થઈ રહયા છે. જેમાં વોશીંગ્ટન, ન્યુયોર્ક, બર્લિન, લંડન, બગદાદ, તહેરાન, એથેન્સ સહિતનાં શહેરોમાં દેખાવો યોજાઈ રહયા છે

## રાજયનાં ૬૧૫૬૦ ફિકસ કર્મીઓને ૩૦ ટકા પગાર વધારાનો લાભ મળશે

ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ ટકા વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી તા.૧ ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી કરવામાં આવશે.વધુમાં તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના વિકાસમાં રાજ્યના કર્મચારીઓનો ખુબ જ મહત્વનો ફાળો રહ્યો છે. દરેક સરકારી યોજનાઓના અમલીકરણ તથા તેના પર યોગ્ય દેખરેખ થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભ પહોંચાડવામાં કર્મચારીઓએ હંમેશા ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ત્યારે દિવાળી પૂર્વે લેવામાં આવેલા આ નિર્ણય રાજ્યના પ્રત્યેક ફિક્સ પગારના કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે ખુશીની લહેર લાવશે. આ નિર્ણયથી વર્ગ-૩ના ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂા. ૩૮,૦૯૦ થી વધીને રૂા. ૪૯,૬૦૦ થશે. ઉપરાંત વર્ગ-૩ ના ૪૨૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂા. ૩૧,૩૪૦ થી વધીને રૂા. ૪૦,૮૦૦ થશે.વર્ગ-૩ ના ૨૪૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂા. ૧૯,૯૫૦ થી વધીને રૂા. ૨૬,૦૦૦ થશે.

જ્યારે વર્ગ-૪ ના ૧૬૫૦,૧૪૦૦ અને ૧૩૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂા. ૧૬,૨૨૪ થી વધીને રૂા. ૨૧,૧૦૦ થશે.આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂા.૫૪૮.૬૪ કરોડ રૂપિયાનું ભારણ વધશે.

## વાઘા બોર્ડર પર નિતિન ગડકરી આજે દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ ફરકાવશે

નવી દિલ્હી તા. ૧૯

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે અમૃતસરમાં દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ ફરકાવશે. આ રાષ્ટ્રધ્વજ અટારી બોર્ડર પર ફરકાવવામાં આવશે. આ રાષ્ટ્રધ્વજ એટલો ઉંચો છે કે તે પાકિસ્તાન સુધી સ્પષ્ટ દેખાશે.

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે અમૃતસરમાં સાંજે ૪.૧૫ કલાકે દેશનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ ફરકાવશે. આ રાષ્ટ્રધ્વજની ઊંચાઈ ૪૧૮ ફૂટ છે. આ રાષ્ટ્રધ્વજ અટારી બોર્ડર પર ફરકાવવામાં આવશે. આ પહેલા નીતિન ગડકરી હરમંદિર સાહિબના દર્શન કરશે તેમજ રીટ્રીટ સેરેમનીમાં પણ ઉપસ્થિત રહેશે.

## ભારતમાં પણ આતંકવાદીઓ પેરાગ્લાઈડરથી ઘુસણખોરી કરી શકે ? ચિંતા વધી

નવી દિલ્હી તા. ૧૯

ઈઝરાયેલ પર હુમલા માટે જે રીતે હમાસ આતંકી સંગઠનના સભ્યોએ તા.૭ ઓકટો.ના રોજ પેરાગ્લાઈડરનો ઉપયોગ કર્યો અને જે રીતે ઈઝરાયેલની સરહદમાં ઘુસીને જમીન નજીક પહોચતા જ અંધાધુંધ ગોળીબાર કર્યા તથા સરહદી ક્ષેત્રના ૨૦૦થી વધુ યહુદી ગામો પર કબ્જો કરીને આતંકનું સામ્રાજય સર્જયુ હતું પછી ભારત માટે પણ ચિંતા વધી ગઈ છે.

ભારત-પાક- સરહદે પણ પહાડી-ગુંચવણભરી અને આ પ્રકારે પેરાગ્લાઈડીંગ જેવી ઘુસણખોરી માટે સાનુકુળ છે અને હાલ ડ્રોન-ઘુસાડીને છેક પંજાબમાં અમૃતસર સુધી આવી જાય છે.

શસ્ત્રો તથા દારુગોળો, ડ્રગ નાણા વગેરે ફેકી જાય છે જેનો ઉપયોગ ત્રાસવાદી પ્રવૃતી માટે કરવામાં આવે છે અને તેથી હવે પાક આતંકીઓને આ પ્રકારે પેરાગ્લાઈડીંગ મારફત હુમલો પાક સૈન્ય કે જાસૂસી એજન્સી કરી શકે છે તે ખ્યાલ આવતા જ હવે હવાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવા નિર્ણય લેવાયો છે.

જો કે સરહદી સુરક્ષા બાબતે નિષ્ણાંત જણાવે છે. ભારતે કોઈ એક નહી મલ્ટીપલ સીસ્ટમ મારફત હવાઈ- સરહદી- સુરક્ષા નિશ્ચિત કરી છે. જેમાં રેડાર-મિસાઈલ તથા ગન સીસ્ટમ છે જેથી તેમાંથી ગ્લાઈડર બચી શકે નહી.

## ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ અંગે ભારતનો વિરોધ યથાવત

નવી દિલ્હી તા. ૧૯

ગ્લોબલ હંગર ઈન્ડેકસનો લેટેસ્ટ રિપોર્ટ એટલે કે GHI વિવાદમાં છે. આ હિસાબે ભારતમાં ભૂખમરાની સ્થિતિ ગંભીર છે. રિપોર્ટમાં સામેલ ૧૨૫ દેશોમાં ભારત ૧૧૧મા નંબર પર છે. વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ભારતે આ અહેવાલને ફગાવી દીધો છે . રિપોર્ટ બનાવવાની પદ્ધતિ અને હેતુ પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ગતવર્ષે, ભારત જીએચઆઈમાં ૧૦૭મા ક્રમે હતું, ત્યારે પણ આવા જ પ્રશ્નો ઊભા થયા હતા. ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ અંગેનાં અહેવાલ બનાવનાર સંસ્થા જર્મન નિવાસી સિનિયર પોલીસી એડવાઈઝરે ભારત સરકારનાં વાંધાને ફગાવી દેતા કહયું કે, વિશ્વનાં ૧૨૫ દેશોમાંથી માત્ર ભારત જ આ અહેવાલોનો વિરોધ કરે છે અને તેની પાછળ રાજનીતિ છે.

## મુંબઈમાં રીયલ એસ્ટેટ માર્કેટમાં મોટો સોદો : ૩૭ એકર જમીન રૂા. ૧૧૦૦૦ કરોડમાં વેચાઈ

મુંબઈ, તા.૧૯: મુંબઈના રિયલ્ટી માર્કેટમાં વધુ એક મોટી ડીલ થઈ છે. આ ડીલમાં ભાંડુપ ખાતે ગેસ્ટ કીન વિલિયમ્સની ૩૭ એકર જમીનનો સોદો થઈ ગયો છે. આ એરિયામાં એક ચોરસ ફૂટનો ભાવ લગભગ ૨૨,૦૦૦થી ૨૪,૦૦૦ રૂપિયા ચાલે છે. ડેવલપર્સ અહીં લગભગ ૪૦ લાખ ચોરસ ફીટ કારપેટ એરિયાને વિકસાવશે. એક દાયકામાં પ્રોજેક્ટ પૂરો થશે.

મુંબઈના ભાંડુપ ખાતે એન્જીનિયરિંગ કંપની ગેસ્ટ કીન વિલિયમ્સની ૩૭ એકર જમીનનો સોદો થઈ ગયો છે, જ્યાં રિયલ એસ્ટેટ ડેવલપ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ તૈયાર થશે ત્યારે તેની સેલ વેલ્યૂ ૧૧,૦૦૦ કરોડ સુધી પહોંચવાની શકયતા છે.



મહાયોગી વિરેચન ચૂર્ણ

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ

શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ આધુનિક સુવિધાઓ સાથે
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો



: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦ ૯૯૧૩૩ ૯૫૨૦૦

The Dream City

: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કાું.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

# શ્રી ગુર્જર ક્ષત્રિય સમસ્ત કડિયા ખેડૂત જ્ઞાતિ-જૂનાગઢના ૧૯૬૨થી૨૦૨૩ સુધીનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનોનું સ્નેહમિલન અને સન્માન સમારંભ યોજાયો




## કાર્યક્રમનું ઉદ્‌ઘાટન જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા અને કડિયા બોર્ડિંગનાં પ્રમુખ ધીરૂભાઈ ગોહેલના અધ્યક્ષ સ્થાને થયું

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૯

શ્રી ગુર્જર ક્ષત્રિય સમસ્ત કડિયા ખેડૂત જ્ઞાતિ બોર્ડીંગ-જૂનાગઢની સ્થાપના ૧૯૬૧-૬૨મા થઈ. જેમાં રહીને જૂનાગઢમાં જુદી જુદી શાળા, કોલેજ, એગ્રીકલચર કોલેજ અને અન્ય અભ્યાસક્રમોમાં બોર્ડિંગની સ્થાપના થઇ ત્યારથી આજ સુધીનાં અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનોનો સ્નેહમિલન અને સન્માન સમારંભ પ્રેરણાધામ- ભવનાથ જૂનાગઢ ખાતે ગત રવિવારના રોજ યોજાયો હતો. જેમાં આગલા દિવસે બહારગામ થી આવેલા અને શહેરની આજુ બાજુમાંથી આવેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનોને રહેવા – જમવાની સુવિધા સાથે રાત્રીના સંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવેલ. જેમાં રાસ મંડળી દ્વારા સરસ મજાના રાસ ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનોએ તેઓના વિદ્યાર્થી કાળની યાદો ને વાગોળવા ઉપરાંત અનુભવો પણ શેર કરી બોર્ડીંગની જૂની યાદો તાજી કરેલ હતી. આ કાર્યક્રમમાં કડિયા બોર્ડિંગનાં મંત્રી શ્રી જે. કે. ચાવડાએ બોર્ડિંગની સ્થાપના થઈ થી આજ સુધીમાં બોડીંગનો વિકાસ અને કન્યા કેળવણીનાં ઉત્થાન અને શ્રી શ્યામ વિધ્યાલયની વાત કરતા જણાવેલકે બોર્ડિંગનું મકાન ગાંધીગ્રામ જૂનાગઢ આવેલ છે, તે જુનું મકાન સરકારશ્રીને ભાડે આપતા ૧૯૯૨ થી ૨૦૧૧ સુધીમાં અંદાજે (૪૨) બેતાલીસ લાખથી વધુ ભાડાની રકમમાંથી નવું ? બે માળનું બિલ્ડીંગ બનાવેલ છે. જેમાં ૧૯૯૭ માં મકાનમાં વધારાનું નું બાંધકામ બનાવી કન્યા છાત્રાલય પણ શરુ કરવામાં આવેલ. અને કુમાર એટલે કે ભાઈઓ માટે અન્ય જગ્યાએ માકન ભાડે રાખી અલગથી વ્યવસ્થા કરેલ હતી. જ્યારે વિદ્યાર્થી ઓ ખુબ ઓછા હતા. ત્યારે સમાજના વિદ્યાર્થીઓ માટે અલગથ વ્યવસ્થા ખોજાવાડ માં ચાલુ કરવામાં આવી. અને આ જગ્યાએ પણ મકાનમાં જરૂરી વધારાનું બાંધકામ સાથે સુધારા વધારા કરી હાલ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ૨ બે માળના મકાનમાં ભાઈઓ માટે રહેવાની અલગથી વ્યવસ્થા ચાલુ છે. જે મકાન ગીર્ય વિસ્તાર અને શાળા કોલેજ માં જવા માટે અગવડતા ભર્યું હોય અન્ય વિકસિત જગ્યાએ શૈક્ષણિક સંકુલ બાનાવું જોઈએ એમ જણાવેલ.

આ અંગે સંસ્થાના પ્રમુખ ધીરૂભાઈ ગોહેલએ જણાવેલકે, આ બોર્ડિંગનાં બાંધકામ કે અન્ય કામ માટે ફાળો ઉઘરાવેલ નથી. ત્યારે આવનારા આપણા સમાજની ભાવી પેઢી માટે આ બોર્ડિંગ માટે શૈક્ષણિક સંકુલ ભવ્ય બનાવી આપણી ભાવી પેઢી માટે કોઈ નક્કર અને સારું આયોજન કરવું જરૂરી છે. તેમ જણાવી આ બોર્ડિંગમાં અત્યાર સુધીમાં રહીને અભાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો તેની માસિક આવક જેટલી રકમ આ સંસ્થાને ભેટ કે ફાળો આપે તો જૂનાગઢ હાલ શૈક્ષણિક હબ બની રહ્યું છે ત્યારે જૂનાગઢ ખાતે શ્રી કડિયા સમાજનું પણ એક શૈક્ષણિક યુનિટ સંકુલ માટે જૂનાગઢની આજુ બાજુમા જમીન મેળવી કામ થઈ શકે તેમ છે. તેમ જણાવી ઉદાર હાથે ફાળો આપી બોર્ડીંગ પ્રત્યે પોતાનું ઋણ અર્પણ કરે તેમ જણાવેલ.

આ તકે ખાસ ઉપસ્થિત રહેલ જૂનાગઢના મેયર ગીતાબેન પરમાર એ જણાવેલ કે સમાજ સંગઠિત છે ત્યારે અને છેક ૧૯૬૨ થી ગત વર્ષ સુધી અભાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો નું સ્નેહમિલન સાથે સન્માન સમાંરભ થયો તે એક સરાહનિય કામ કહેવાય તેમ જણાવી તેઓએ શુભેચ્છા પણ પાઠવેલ હતી.

જેમના હાથે આ કાર્યક્રમ ખુલો મુકવામાં આવ્યો તેવા જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી હર્ષદ મહેતા સાહેબએ જણાવેલકે, જ્યારે આજથી ૬૨ વર્ષ પહેલા સમાજના આગેવાનો એ જે બોર્ડિંગ બનાવી સમાજના વિદ્યાર્થીઓ માટે ચિંતા કરી તેવીજ ચિંતા અને આયોજન આગામી ૬૦ વર્ષ દરમ્યાન કડિયા સમાજના દિકરા દિકરીઓ માટે આજનાં સમાજના આગેવાને એ કરવી જોઈએ.માત્ર શિક્ષણ જ નહિ હવેના સમયમાં સંસ્કૃતિનું પણ સાથે સાથે જતન થાય અને બાળકોમાં સંસકારોનું સિંચન થાય તે આજના સમયમાં ખુબ જરૂરી છે. તેઓએ વિશેષમાં જણાવ્યુ કે માતા પિતા વાલી અને બાળકો વચ્ચે જનરેશન ગેપની વાતો થાય છે. તેમાં વાત- ચિત અને સંવાદ દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિમાં જનરેશન ગેપ ન રહે તે માટે સમાજના આગેવાનો, માતા પીતા અને બાળકો વચ્ચે ખુબ નજીકથી સંવાદ થવો ખુબ જરૂરી છે.

આ સ્નેહ મિલનમાં લાગભાગ ૪૦૦થિ વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપરાંત ભૂતપૂર્વ ગ્રહપતી, ગૃહમાતા, આચાર્ય ઉપરાંત સેવા સંસ્થા દ્વારા ચલાવેલ કલાસીસનાં વિદ્યાર્થીઓ આર્મી, અર્ધ લશ્કરી દળો અને અન્ય જગ્યાએ સિલેક્ટ થયેલા ઉમેદવારો ઉપરાંત દાતાઓનું પણ ખેસ, શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ

આ કાર્યક્રમને મૂર્તરૂપ બાનાવવા માટે ખાસ કરીને સેવાના વજુભાઈ કાચા, નિશાંતભાઈ ચૌહાણ, હિતેશભાઈ ચાવડા, નરેશભાઈ રાઠોડ, કમલેશભાઈ કાંકરેચા, સહીત બોર્ડિંગના હોદ્દેદારો જે. કે. ચાવડા, કિશોરભાઈ ચોટલીયા, સમાજના હોદ્દેદારો દિનેશભાઈ કાચા, કાળુભાઈ ચોટલીયા, હરિભાઈ મોરવાડિયા, વિભાગીય વડાઓ સહીત તમામ આગેવાનોએ ખુબ જહેમત કરેલ હતી તેમ બોર્ડિંગનાં મંત્રી જે. કે. ચાવડાની યાદીમાં જણાવેલ છે.

# દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ કેશોદ દ્વારા નવરાત્રિ મહોત્સવ ૨૦૨૩નું આયોજન




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ કેશોદ દ્વારા નવરાત્રી મહોત્સવ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. રાસ ગરબાની શરૂઆત રાષ્ટ્રગીત વગાડી કરવામાં આવી હતી. ખેલૈયાઓ તેમજ દર્શકોના સ્વાસ્થને ધ્યાનમાં રાખી લીંબુ શરબત પીવડાવવામાં આવી રહ્યું છે. રાસ ગરબા પૂરા કર્યા બાદ દરરોજ રાત્રે નાસ્તાનું ખાસ આયોજન કરવામાં આવે છે. વરાત્રી મહોત્સવ ૨૦૨૩માં કેશોદ સહિત શહેરમાંથી જ્ઞાતિના અગ્રણી આગેવાનો અને મહાનુભાવો જોડાયા હતા. દરેક મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે. નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા જ્ઞાતિ મંડળ કેશોદના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત કાર્યકરો ખાસ જહેમત ઉઠાવી રહ્યા છે.

# સોમનાથમાં દિપડો ત્રાટકયો, ગાયનું મારણ કર્યુ



(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા.૧૯

સોમનાથ પ્રભાસપાટણ વેણેશ્વર પાસે આવેલ સોમનાથ કર્મચારી સોસાયટી પાછળ આવેલ વાડીમાં ગતરાત્રે દિપડો તેના બચ્ચા સાથે ત્રાટકી વાડીમાં બાંધેલ પશુઓમાંથી રહેમાન ઈસ્માઈલ મન્સુરીની વાડીમાં ત્રાટકી એક દુજણી ગાયનું મારણ કરેલ છે. છેલ્લા છ મહિનામાં આ રીતે ત્રણ દુજણા પશુઓ શિકાર બનેલ છે. વનવિભાગ આ અંગે ગંભીર પારખી પગલા લેવા જરૂરી છે કારણ કે નજીકના દિવસોમાં કાર્તિક પુર્ણિમાનો મેળો આ વિસ્તાર બાજુ થવાનો છે અને દીપડાનું તેના બચ્ચાઓ સાથે ત્યાં કાયમી રહેઠાણ બનાવ્યું છે.

# ખંભાળિયાના ૧૪ વર્ષ પૂર્વેના લાંચ રૂશ્વતના કેસમાં નાયબ કાર્યપાલક ઈજનેરને ત્રણ વર્ષની સખત કેદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં વર્ષ ૨૦૦૯માં પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા એક કોન્ટ્રાક્ટર પાસેથી રૂા.૩૦,૦૦૦ની માંગણી કરતા આ સંદર્ભે લાંચના ગોઠવાયેલા છટકામાં તેઓ રંગે હાથ સપડાઈ ગયા હતા. જે અંગેનો કેસ ખંભાળિયાની એડિશનલ સેશન્સ અદાલતમાં ચાલી જતા કોર્ટે નાયબ ઈજનેરને ત્રણ વર્ષની સખત કેદ તેમજ રોકડ દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ જામનગર જિલ્લામાં વિવિધ પ્રકારના કોન્ટ્રાક્ટનું કામ કરતા જય દ્વારકાધીશ કન્ટ્રક્શન નામના કોન્ટ્રાક્ટર દ્વારા ખંભાળિયા પંથકના નવી ફોટ, જુની ફોટ, ખોખરી વિગેરે ગામોમાં પાણીની પાઈપલાઈન નાખવાનો પેટા કોન્ટ્રાકટ મેળવી અને આ પ્રકરણના ફરિયાદીએ જય દ્વારકાધીશ કન્સ્ટ્રકશન નામથી રાખેલા કામમાં તેઓએ નર્મદા યોજના હેઠળ પાઈપલાઈનના બિલો કચેરીમાં રજૂ કર્યા હતા. આ કામના બાકી રહેલા તેમના અંતિમ બિલ માટે ખંભાળિયાની પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીના નાયબ કાર્યપાલક સુરેશ મોહનભાઈ પટેલ દ્વારા તેમનું કામ જલ્દીથી કરી દેવા માટે રૂપિયા ૩૦,૦૦૦ ની માંગણી કરવામાં આવી હતી. જેથી આ પ્રકરણના ફરિયાદી દ્વારા પ્રથમ ૫,૦૦૦ રૂપિયા આપ્યા હતા અને બાકીના રૂપિયા ૨૫,૦૦૦ ૧૫-૨૦ દિવસમાં આપી દેવા જણાવ્યું હતું. આ સોદા દરમ્યાન ફરિયાદીના મિત્ર પણ તેમની સાથે હતા. આ સમગ્ર પ્રકરણ અંગે જામનગર એ.સી.બી. વિભાગને ફરિયાદ કરવામાં આવતા આના અનુસંધાને ટ્રેપિંગ અધિકારી જે.જે. ધ્રાંગા દ્વારા ૦૫-૦૯-૨૦૦૯ના રોજ બે સરકારી પંચોની ઉપસ્થિતિમાં લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ છટકામાં ફરિયાદીના ઈસારે સાંજના સમયે એ.સી.બી. કર્મચારીઓએ સુરેશ મોહનભાઈ પટેલને રૂા.૧૦,૦૦૦ની લાંચ સ્વીકારી, આ રકમ પોતે પહેરેલા ડાબા ખિસ્સામાં મુકતા ઝડપી લેવામાં આવ્યા હતા. આ અંગે એ.સી.બી. પોલીસે નાયબ કાર્યપાલક ઈજનેર વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ અંગેનો કેસ ખંભાળિયાની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા આ પ્રકરણમાં પંચો તેમજ સાહેદોની તપાસ તેમજ તપાસનીસ અધિકારીની જુબાની સાથે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા વિવિધ દલીલો રજૂ કરવામાં આવી હતી. આ દલીલોને ગ્રાહ્ય રાખી, જજ વી.પી. અગ્રવાલએ આરોપી સુરેશ મોહનભાઈ પટેલને તકસીરવાન ઠેરવી, જુદી-જુદી કલમ હેઠળ ત્રણ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ખેડુતોનું વર્ષ સુધર્યુ : રવિ પાકના ટેકાના ભાવમાં વધારો

**આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે**

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રિમંડલ સમિતી દ્વારા ૨૦૨૪-૨૫ માટે તમામ જરૂરી રવિ પાકના ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપવામાં આવી છે. કન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે સરકારના આ નિર્ણયને વધાવી લીધો હતો અને કહ્યું કે મોદી સરકારના આ નિર્ણયે ખેડૂત કલ્યાણ પ્રતિ પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સિદ્ધ કરી છે. સરકારે ઘઉં અને સરસવ સહિત ૬ પાકોની MSP વધારવાનો નિર્ણય કર્યો છે. ઘઉંની MSP વધારીને ૧૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે. આ સિવાય સરસવના MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૪૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ખેડૂતોના ભલા માટે MSPની સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર પાક માટે લઘુત્તમ કિંમત નક્કી કરે છે, તેને MSP કહેવામાં આવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે જો પાકના બજાર ભાવ ઘટે તો પણ કેન્દ્ર સરકાર આ MSP પર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે. તેનો હેતુ ખેડૂતોને નુકસાનીમાંથી બચાવવાનો છે. ભારતમાં ૬૦ના દાયકામાં સરકાર દ્વારા ખોરાકને અછતથી બચાવવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી. સૌ પ્રથમ, ઘઉં પર એમએસપી શરૂ કરવામાં આવી હતી જેથી કરીને સરકાર ખેડૂતો પાસેથી ઘઉં ખરીદી શકે અને તેની પીડીએસ યોજના હેઠળ ગરીબોમાં વહેંચી શકે. કેબિનેટની બેઠકમાં રવિ પાકની MSP (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) વધારવાની મંજૂરી આપવામાં આવી છે. કઠોળ-દાળની MSPમાં સૌથી વધુ વધારો થયો છે. મસૂરની MSPમાં ૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ સરસવની MSPમાં ૨૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલો તમને તેના વિશે વિગતવાર માહિતી આપીએ. ઘઉંની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૨૧૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૨૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. સરસવની MSPમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. જવની MSP પ્રતિ ક્વિન્ટલ રૂા. ૧૧૫ વધી છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૧૭૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૧૮૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. ચણાની MSPમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦૫નો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૩૩૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૪૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. મસૂર દાળની MSP પ્રતિ ક્વિન્ટલ ૪૨૫ રૂપિયા વધી છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૬૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૬૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. કુસુમ સૂરજમુખીની એમએસપીમાં પ્રતિ ક્વિન્ટલ રૂા. ૧૫૦નો વધારો થયો છે. માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે, તે ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલથી વધીને ૫૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે.

### ઋષિકેશ તેના સ્વાદ માટે ખૂબ પ્રખ્યાત છે

# પાનની દુકાન પર ૫૧૦૦ રૂપિયાનું કપલ ગોલ્ડ પાન

**આ દુકાનનું નામ ડીકે પાન છે, અહીં માત્ર પાન જ ખાસ ઉપલબ્ધ નથી, બીજી એક વસ્તુ છે જે દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે**

ઋષિકેશ, તા.૧૯

ઉત્તરાખંડમાં યોગનગરી ઋષિકેશ (ઋષિકેશ પર્યટન સ્થળો) એક પવિત્ર યાત્રાધામ છે. દર વર્ષે લાખો લોકો અહીં ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા આવે છે.

અહીંના પર્યટન સ્થળો, મંદિરો અને ઘાટ ભક્તો અને પ્રવાસીઓને આકર્ષે છે. ઋષિકેશ તેના સ્વાદ માટે ખૂબ પ્રખ્યાત છે. અહીં તમને દરેક શેરી અને ખૂણા પર અદ્ભુત સ્ટ્રીટ ફૂડ મળશે અને જો જમ્યા પછી પાન મળી જાય તો મોજ પડી જાય. આજે અમે તમને યોગનગરીની એક એવી જ પાનની દુકાન વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જ્યાં માત્ર એક-બે નહીં પરંતુ ૩૦થી વધુ જાતના પાન મળશે. આ દુકાનમાં કપલ ગોલ્ડ પાન સૌથી મોંઘા છે. આ દુકાનનું નામ ડીકે પાન છે. અહીં માત્ર પાન જ ખાસ ઉપલબ્ધ નથી, બીજી એક વસ્તુ છે જે દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે અને તે છે અહીં ઉપલબ્ધ કપલ ગોલ્ડ પાનની કિંમત. કોઈ ખાય કે ન ખાય, ૫૧૦૦ રૂપિયાની કિંમતના આ પાન વિશે જાણવા માટે દરેક લોકો ઉત્સુક છે. દુકાનના માલિક અમિત કુમાર પાલ કહે છે કે તમને દુકાનમાં અનેક પ્રકારના પાન મળશે. તેને પાન વેચતા ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. અહીં મળતા તમામ પાનમાંથી સૌથી ખાસ છે કપલ ગોલ્ડ પાન. તે કહે છે કે તેની દુકાન પર ૫૧૦૦ રૂપિયાનું ‘કપલ પાન’, ૩૦૦૦ રૂપિયાનું ‘કોહિનૂર પાન’ અને ૨૫૦૦ રૂપિયાનું ‘હનીમૂન પાન’ ઉપલબ્ધ છે. અમિત કહે છે કે કપલ ગોલ્ડ પાન અહીં ઉપલબ્ધ સૌથી મોંઘું પાન છે, કારણ કે તેમાં તમને ઘણી ખાસ વસ્તુઓનો સ્વાદ મળશે. તેમાં મૂકવામાં આવેલી એક ગ્રામ વસ્તુઓની કિંમત ૧૦ હજાર રૂપિયા છે. કપાલ પાનમાં સોનાની રાખ ઉમેરવામાં આવે છે, જેની માત્ર એક ગ્રામની કિંમત લગભગ ૧૨ હજાર રૂપિયા છે. તેમાં કેસરની રાખ, ચાંદીની રાખ અને અન્ય ઘટકો ઉમેરવામાં આવે છે, જેનું મૂલ્ય ઘણું વધારે છે. આ બધી વસ્તુઓના ઉપયોગને કારણે કપલ પાનની કિંમત ૫૧૦૦ રૂપિયા છે. પરિણીત યુગલો માટે આ પાન ખૂબ જ અસરકારક સાબિત થાય છે. અમિતે કહ્યું કે તેની દુકાન જાનકી સેતુ પાસે છે. દુકાન સવારે ૮ થી મધરાત ૧૨ સુધી ખુલ્લી રહે છે. હાલ જયારે નવરાત્રીનો તહેવાર ચાલી રહયો છે ત્યારે રાત્રીનાં પણ ડીકે પાન હાઉસ પાસે લોકોની ભારે ભીડ જામે છે અને વિવિધ પાનોની ભારે માંગ રહે છે.

### ચાલુ ડ્રાઈવીંગે એટેક આવતા છકડો રીક્ષાચાલકનું મોત

# એક જ દિવસમાં હાર્ટ એટેકથી ત્રણ લોકોના મોત

અમદાવાદ, તા.૧૯

રાજયમાં નાની વયે હાર્ટ એટેકના કિસ્સા સતત વધી રહ્યાં છે. જામનગરમાં એક યુવકનું નાની વયે હાર્ટ એટેકને કારણે મોત થયું છે. શહેરમાં સેના નગરમાં રહેતા ૨૪ વર્ષીય યુવાનનું હાર્ડ એટેકથી મૃત્યુ નીપજ્યું છે. રવિ પરબતભાઈ લુણા નામના વ્યક્તિને એકાએક હૃદય બંધ થઈ જતા મૃત્યુ થયું. ગતરોજ યુવાનને સામાન્ય તાવ, શારીરિક તકલીફ થતા ખાનગી હોસ્પિટલમાં દવા લેવા ગયા બાદ અચાનક છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટ અટેક આવતા યુવાનનું મૃત્યુ થયું હતું. યુવાનનું મૃત્યુ થતા પરિવારમાં શોક છવાયો છે. અમરેલી જિલ્લામાં નવરાત્રીના ખેલેયાઓ માટે સૌથી મોટા ચિંતા જનક સમાચાર સામે આવ્યા છે. રાજુલા શહેરમાં મોડી રાતે ૨૩ વર્ષનાં યુવકને હાર્ટએટેક આવતા મોત થયું છે.

નવરાત્રીમાં રામાપીરના આખ્યાન દરમ્યાન યુવકને હાર્ટએટેક આવતા મોડી રાતે દોડધામ મચી હતી. ૨૩ વર્ષીય દિનેશ શિયાળને રાજુલા હોસ્પિટલમાં ખસેડાયો હતો. અમરેલી જિલ્લામાં નવરાત્રી દરમ્યાન હાર્ટએટેકથી યુવકના મોતની પહેલી ઘટના સામે આવી છે. હાર્ટ એટેકથી મોતનો બીજો કિસ્સો બાબરામાંથી આવ્યો છે. જ્યાં બાબરા અમરેલી હાઈવે પર રીક્ષાચાલકને ચાલુ ડ્રાઈવીગ દરમ્યાન હાર્ટ એટેક આવ્યાનો વીડિયો વાયરલ થયો છે. છકડો રીક્ષાચાલકનું હાર્ટ એટેકને કારણે ઘટના સ્થળે જ મોત થયું હતું. રીક્ષામાં આધેડ પોલભાઈ મુંધવા ઉપરાંત ત્રણ પેસેન્જર પણ સવાર હતા પરંતુ સદનસીબે તેમનો બચાવ થયો હતો. પોલભાઈ રીક્ષા લઈને લુણકીથી બાબરા જઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો. રીક્ષા ચાલકને ૧૦૮થી તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન જાણ કર્યા સિવાય કોઈને ભાડે આપી શકાશે નહીં

## ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત, ભાડુઆતની ઓળખાણ પોલીસ સ્ટેશનમાં રજૂ કરવી ફરજિયાત

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજના માલિક સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપે શકાશે નહીં એ માટેનું જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટરશ્રી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનીકે ભાડેથી મકાન કે અન્ય એકમ લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીની પગલા આવશ્યક જણાય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટર શ્રી પી.જી. પટેલ દ્વારા તેમને મળેલ સત્તાની રૂ એ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન,ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની આળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નજીકના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ જાહેરનામાનો તાત્કાલિક અસરથી તા.૧૪/૧૨/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# જૂનાગઢ ખાતે જીલ્લા કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો







જૂનાગઢ, તા.૧૯

કલા ઉત્સવજિલ્લા, ઝોન અને રાજય કક્ષા એમ ત્રણ તબક્કામાં સમગ્ર શિક્ષા ગાંધીનગરના માર્ગદર્શન નીચે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી જૂનાગઢના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

કલાઉત્સવ નો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખી તેમને પ્રોત્સાહિત કરી તેમની કલાનું મહત્વ વધારવાનો છે. આ કલા ઉત્સવમાં કોઈપણ સરકારી, ગ્રાન્ટ અને ખાનગી શાળાના ધોરણ ૯થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ સ્પર્ધા કુલ ૧૦ કેટેગરી, વિભાગમાં યોજવામાં આવે છે. જેમાં કંઠ્ય સંગીત ક્લાસિકલ ટ્રેડિશનલ, વાધ્ય સંગીત, નૃત્યમાં કલાસિકલ અને લોક નૃત્ય, વિઝ્યુઅલ આર્ટ ૨ડી અને ૩ડી, સ્વદેશી રમકડા તથા એક પાત્રીય અભિનયનો સમાવેશ થાય છે. દરેક કેટેગરીમાં જિલ્લાના તમામ તાલુકામાંથી એક કન્યા અને એક કુમારની શ્રેષ્ઠ કૃતિની એન્ટ્રી મંગાવવામાં આવે છે. અને દરેક કેટેગરીમાં પ્રથમ આવનાર એક કુમાર અને એક કન્યા ને રોકડ રાશિ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. કલા ઉત્સવ ૨૦૨૩-૨૪માં જિલ્લા કક્ષાના આ આયોજનમાં કુલ ૮૫ વિદ્યાર્થીઓ ભાગ લે છે. સમગ્ર આયોજન બી.આર.સી. ભવન જૂનાગઢ ગ્રામ્ય ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભાવસિંહ વાઢેર જિલ્લા શિક્ષણ અધિકારી જૂનાગઢના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતુ. કાર્યક્રમને સફળ બનાવવા બીઆરસી ભવન જૂનાગઢ ગ્રામ્ય તથા જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમે જહેમત ઉઠાવી હતી.

### જૂનાગઢ જીલ્લાને સ્વચ્છ બનાવવા જીલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ

# જીલ્લામાં મ્યુઝીયમ,હેરિટેજ બિલ્ડિંગ, મહાપુરૂષોની પ્રતિમા, નદી, તળાવો, સમુદ્ર કિનારાની હાથ ધરાયેલી સફાઈ





જૂનાગઢ, તા.૧૯

મહાત્મા ગાંધીજીની સ્વચ્છ ભારતની સંકલ્પનાને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાર્બેજ ફ્રી ઈન્ડિયાનો મંત્ર આપ્યો છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભુપન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ચાલી રહેલ વિવિધ સ્વછતા અભિયાનના કાર્યક્રમોને આગામી બે માસ સુધી એટલે કે ૧૫મી ઓક્ટોબરથી ૧૬ ડિસેમ્બર-૨૦૨૩ સુધી લંબાવવામાં આવ્યું છે. તા.૧૬ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર સુધી જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તમામ મ્યુઝીયમ, હેરિટેજ બિલ્ડિંગ, મહાપુરુષોની પ્રતિમા,નદી,તળાવો, સમુદ્ર કિનારાની સાફ સફાઈ હાથ ધરવામાં આવશે. આમ, જિલ્લા વહીવટી તંત્ર સ્વચ્છાતા હી સેવા અભિયાનને ચરિતાર્થ કરવા માટે કટિબદ્ધ છે.

# હેરિટેજ ખાપરા કોડિયાની ગુફા સહિતના સ્થળોએ સફાઈ અભિયાન : અંદાજે ૩૮ ટન કચરાનો નિકાલ



જૂનાગઢ, તા.૧૯

સ્વચ્છતા હી સેવા ઝુંબેશને વધુ સઘન બનાવવામાં આવી રહી છે, જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા હેરિટેજ ખાપરા કોડિયાની ગુફા સહિતના જાહેર સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ખાપરા કોડીયાની ગુફા ઉપરાંત શહેરમાં વોર્ડ નંબર-૨માં ખામધ્રોલ ગામ, સુભાષ કોલેજ રોડ અને મહાપુરૂષોની પ્રતિમાની પણ સાફ-સફાઈ કરવામાં આવી હતી.

આ સફાઈ અભિયાનમાં સીએનડી વેસ્ટ, કચરા તથા ઝાડી ઝાંખરા સહિત આશરે ૩૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં ૮૦ જેટલા લોકો જોડાયા હતા. ઉપરાંત ૩ ટ્રેક્ટર અને ૧ જેસીબી અને ૧ સુપડા દ્વારા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# દિવ્યાંગો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨૦૨૩ સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટ જૂનાગઢ ખાતે યોજાશે


જૂનાગઢ,તા.૧૯


## રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૨૬ ઓક્ટોબર

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત રાજ્ય તથા જિલ્લા રમત ગમત અધિકારી જૂનાગઢ દ્વારા આયોજિત દિવ્યાંગો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨૦૨૩ અંતર્ગત જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષાની રમતોનું આયોજન સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ ખાતે કરવામાં આવનાર છે. જૂનાગઢ જિલ્લામાં વસતા દિવ્યાંગો જેમાં શારીરિક દિવ્યાંગો માટે તથા માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગો રમત ગમતમાં ભાગ લેવા ઈચ્છતા દિવ્યાંગો એ જરૂરી કાગળો જેવા કે દિવ્યાંગતા સર્ટિફિકેટ, ઉંમરનો આધાર, આધાર કાર્ડની ઝેરોક્ષ, પાસપોર્ટ કલર ફોટો તથા બેંક એકાઉન્ટની આઈએફએસસી કોડની પહેલા પાનાની ઝેરોક્ષ સાથે લઈ સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં આ સંસ્થાએ વહેલી તકે રજીસ્ટ્રેશન કરી જવા જણાવવામાં આવે છે. આ રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તા.૨૬/૧૦/૨૦૨૩ છે.

### શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતિ જૂનાગઢ દ્વારા

# ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે નવરાત્રી રાસોત્સવની ભવ્ય ઉજવણી









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રાહ્મ સેવા સમિતિ જૂનાગઢ દ્વારા છેલ્લા સાત વર્ષની ભવ્ય સફળતા બાદ નવદુર્ગાની અસીમ કૃપાથી આ વર્ષે પણ યુવાનોના થનગનાટ તથા આપણી દિકરી આપણે ત્યાંના સકારાત્મક હેતુ સાથે નવલા નોરતાની ઉજવણી અંતર્ગત ૧૫ ઓકટોબરથી ૨૪ ઓકટોબર દરમ્યાન ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે નવરાત્રી રાસોત્સવ-૨૦૨૩નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને નવરાત્રી મહોત્સવની ભકિતભાવભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. સમિતિના પથદર્શક મહેન્દ્રભાઈ ભટ્ટ, સનથભાઈ પંડયા, ધીરૂભાઈ પુરોહિત, શૈલેષભાઈ દવે તેમજ પ્રમુખ આકાશ દવે, મહામંત્રી કેતન ભટ્ટ, ઉપપ્રમુખ વિરાજ પંડયા, ખજાનચી હિતેષ પુરોહિત, મંત્રી પીયુષ પુરોહિત, સહ ખજાનથી જીગ્નેશ ભટ્ટ તેમજ રાજુભાઈ દવે, ભાર્ગવ દવે, ભાવેશ પુરોહિત, યોગેશ પુરોહિત, નિરવ પુરોહિત, નિનાદ પંડયા, હાર્દિક પુરોહિત, હેરત પુરોહિત, દર્શિત દવે, હારીત પુરોહિત, દેવમ પંડયા, હેમાંગ દવે, જય ભટ્ટ, પાર્થ ભટ્ટ, ધાર્મિક ભટ્ટ, ચિંતન પુરોહિત, સ્મિત દવે, કશ્યપ દવે, કરણ પંડયા, પ્રીયાશું પુરોહિત, ભાર્ગવ પંડયા, કેયુર પુરોહિત તેમજ રાજુભાઈ પુરોહિત, શુભેચ્છક અજીતભાઈ પંડયા, ભાવિકભાઈ પંડયાના સહયોગ સાથે રાસોત્સવને સફળ બનાવવામાં આવી રહેલ છે. તેમજ સુર મંદિર ઓરકેસ્ટ્રાના સથવારે જયેશ ભટ્ટના સુરીલા કંઠના સથવારે રાસોત્સવ ઉજવાય રહ્યો છે.

# સિંગસર ગામે સિહએ કર્યુ બે ગાયનું મારણ




(ભોળાં જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૯

સિગસર ગામના વાડી વિસતારમા રહેતા શેખ આલમ કાસમની વાડીમા ગત રાત્રિના સિંહ આવેલ અને વાડીએ બાંધેલ બે ગાયોનું મારણ કરેલ. હાલમાં મોસમનું કામ ચાલી રહેલ છે તેથી ખેડૂતો રાત્રિના સમયે વાડીએ રહેતા હોય અને માલઢોર પણ વાડીએ રાખતા હોય છે. આવા સમયે સિંહ દ્વારા મારણ થતા આ વિસ્તારમાં ભયની લાગણી પ્રસરી છે. આ અંગે જંગલખાતાને જાણ કરતા. ઘટના સ્થળે આવી આગળની કાર્યવહી હાથ ધરેલ છે.

# ચોરવાડમાં હોલીડે કેમ્પ બીચ ખાતે સફાઈ અભિયાન હાથધરી ૧.૮ ટન કચરો એકત્ર કરાયો






જૂનાગઢ, તા.૧૯

સ્વચ્છતા હી સેવા અભિયાન વેગવાન બન્યું છે, પદાધિકારી- અધિકારીની સાથે લોકો પણ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ રહ્યા છે. સાથો સાથ લોકોમાં સ્વચ્છતા જાળવવા માટે જાગૃતિ પણ ઊભી થઈ રહી છે. આ કડીમાં ચોરવાડ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવાની નેમ સાથે પર્યટન સ્થળ એવા હોલીડે કેમ્પ બીચ ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ચીફ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાના કર્મચારીઓ દ્વારા ચોરવાડના વોર્ડ નં. ૫ માં આવેલ આ હોલીડે કેમ્પ બીચ ખાતે સફાઈ કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૧.૮ જેટન જેટલો કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.



પક્ષની લોકપ્રિયતા વધારવા આપણે પણ નવરાત્રીમાં દાંડીયારાસ રમવા જવું જોઈઅ !



આપણે તો બારે માસ નવરાત્રી જ છે, મોંઘવારી અને મંદી સાથે રાસ રમીએ છીઅ ને !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું અભૂતપુર્વ કૌવત : પદકોની સદી ફટકારી

એ સુખદ છે કે ભારતે એશિયાડના ૭૨ વર્ષના ઈતિહાસમાં પહેલી વાર પદકોની સંખ્યા સદીને પાર કરી દીધી છે. જીતની પ્રતિબધ્ધતા લઈને ખેલાડીઓએ કુલ ૧૦૭ પદક જીતીને ભારતને એશિયાના ૪૫ દેશોમાં ચોથા નંબર પર પહોંચાડી દીધું. નિઃસંદેહ, હવે દેશ ખેલાડીઓ પાસે આશા રાખશે કે આવનાર વર્ષોમાં આ નંબર વધુ ઊંચાઈઓ તરફ જાય. જે રીતે આખરી દિવસે ભારતીય ખેલાડીઓની પ્રતિભાએ સ્વર્ણિમ આભા પ્રદર્શિત કરતાં છ સુવર્ણ પદક જીતી લીધા, તેનાથી અંત ભલા તો સબ ભલાની કહેવત ચરિતાર્થ થઈ.

ભારતીય ખેલાડીઓએ ૧૪મા દિવસે ૬ સુવર્ણ સહિત ૧૨ પદક જીત્યા. એ સુખદ છે કે આ વખતે હાંગઝોઉમાં બેટીઓએ પોતાનો દમખમ દેખાડ્યો. પહેલો અને સોમો પદક બેટીઓએ જ જીત્યો. જે આપણા સમાજમાં બેટીઓની આ પ્રતિષ્ઠાને સ્થાપિત કરે છે કે બેટીઓ સહેજ પણ બેટાઓથી ઉતરતી નથી હોતી. પરંતુ એ મુશ્કેલી જ છે કે દેશમાં એશિયાડમાં સોના, ચાંદી અને કાંસ્ય પદક વિજેતાઓને લઈને એવું ઝનૂન પેદા નથી થયું, જેવું એક નાનકડી ક્રિકેટ મેચ માટે થાય છે. ત્યાં જ મીડિયા કવરેજમાં પણ સુધારની જરૂરિયાત છે. અસલમાં ક્રિકેટમાં બજારની એટલી મોટી ભૂમિકા રહે છે કે બાકીની રમતોને આર્થિક મદદ અને પ્રાથમિકતા નથી મળી શકતી. જ્યારે એશિયાડમાં ભારતની ધરતીમાં ફૂલીફાલી રમતોની પતાકા લહેરાવી છે. આપણે પરંપરાગત હોકી અને કબડ્ડીમાં સુવર્ણ પદક જીતીને દેશની પ્રતિષ્ઠાને ચાર ચાંદ લગાડી દીધા છે. જોકે એથ્લીટો અને નિશાનેબાજોએ પણ ખૂબ કમાલ કરી દેખાડી છે.

સૌભાગ્યની વાત છે કે એશિયાડ અને અન્ય રમતોમાં સામાન્ય ઘરો અને સંઘર્ષોના તાપમાં તપેલા ખેલાડી બહેતર પ્રદર્શન કરી રહ્યા છે. હંમેશાં સાંભળવા મળે છે કે એક સિક્યોરિટી ગાર્ડ કે શ્રમિકની પુત્રીએ સોનાનો પદક જીત્યો. વાસ્તવમાં તેને આ બાળકોની મોટી ઉપલબ્ધિ તરીકે જોવી જોઈએ. સંસાધનોના અભાવ અને સારું ભોજન નહિ મળવા છતાં તેઓ દેશનું માથું ગર્વથી ઊંચું કરે છે. મુશ્કેલી એ પણ છે કે જ્યારે કોઈ ગોદડીનો લાલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પદક જીતીને લાવે છે તો આપણે તેને માથે ઊંચકી લઈએ છીએ. પરંતુ ત્યારબાદ આપણે તેને ભૂલાવી જ દઈએ છીએ. હંમેશાં સમાચાર આવે છે કે એશિયાડ પદક વિજેતા ફલાણી જગ્યાએ મજૂરી કરી રહ્યો હતો, શાકભાજી વેચી રહ્યો હતો અને જરૂરિયાતો માટે વલખાં મારી રહ્યો હતો. આપણા દેશના સત્તાધીશોએ પણ વિચારવું જોઈએ કે ખેલ પ્રતિભાઓનો આર્થિક પક્ષ મજબૂત બનાવવો જોઈએ. તેમના માટે નોકરીઓ સુનિશ્ચિત કરવી જોઈએ. વૈશ્વિક સ્પર્ધાના સ્તરને અનુરૂપ નોકરીઓ આપવાની જરૂર છે. તેનાથી પ્રતિભાઓમાં એક સ્વસ્થ પ્રતિયોગિતા વિકસિત થશે.

સૌથી પહેલું કામ તો એ જ થવું જોઈએ કે ખેલ સંઘોમાં રાજનેતાઓની એન્ટ્રી પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવે. બીજું, ખેલ પ્રતિભાઓને દૂરદરાજના વિસ્તારોમાં પણ શોધીને તેને તૈયાર કરવી જોઈએ. જ્યારે કોઈ ખેલાડી પદક જીતીને આવે છે તો સરકારો લાખો-કરોડોના પુરસ્કાર આપવાની જાહેરાત કરે છે. વાસ્તવમાં આ ખેલ પ્રતિભાઓને તેમની યોગ્યતા-ક્ષમતાના હિસાબે પહેલાં આર્થિક સહાયતા મળવી જોઈએ. જેથી તે પોતાની ખેલ પ્રતિભાને સુધારી શકે અને બહેતર પરિણામ દેશને આપી શકે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કર્તવ્યનો સમય વિતી ગયા બાદ તેની સફળતાનું રહસ્ય સમજાય છે.

- ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૫ લલિતા પાંચમ તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૩, જયેષ્ઠા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૨
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), રાત્રે ૯:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં વ્યગ્રતા અનુભવાય.
વૃષભ:માનસિક અસ્વસ્થતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન:પુરૂષાર્થનું શુભરૂપ પ્રાપ્ત થાય. આરોગ્ય બાબતે સાવચેત રહેવું.
કર્ક: મનની મુરાદ મનમાં રહે. અણધારી આફત આવે.
સિંહ: મહત્વની કામગીરીમાં સફળતા મળે. નવિન ઓળખાણ લાભ આપી જાય.
કન્યા: આરોગ્ય અંગે સાવચેત રહેવું. પડોશી વર્ગથી મતભેદ સર્જાય.
તુલા: લાભની આશા ઠગારી નીવડે. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી.
વૃશ્ચિક:ચિંતાનો ઉકેલ મળે. મનની મુરાદ બર આવે.
ધન: નવિન લાભની તક મળે. શત્રુઓ કે વિરોધી વર્ગ પર વિજય મળે.
મકર: માનસિક ચિંતા અનુભવાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: સામાજિક કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધામાં આકસ્મીક લાભ થાય.
મીન: મનની મુરાદ પૂરી થાય, આનંદમય દિવસ વ્યતિત થાય. પ્રિયજનથી મિલન થાય.

# આ વ્યક્તિ નકલી વકીલ બનીને કોર્ટમાં લડ્યા ૨૬ કેસ, કોઈ જજને આજ સુધી ભનક ન લાગી



(જી.એન.એસ)
નવીદિલ્હી,તા.૧૯

જો કોઈ વકીલ કોર્ટમાં ઘણા કેસ જીતી ગયા હોય તો સ્વાભાવિક છે કે સમાજમાં લોકોનો તેના પરનો વિશ્વાસ આપોઆપ વધી જશે. દરેક વ્યક્તિ પોતાનો કેસ આવા વ્યક્તિને જ આપવા માંગે છે. પરંતુ જો આવી વ્યક્તિ બોઘસ સાબિત થાય તો તમને કેવું લાગશે? આવું જ કંઈક ત્યારે થયું જ્યારે એક જાણીતા વકીલનું સત્ય લોકો સામે આવ્યું. આ વાત લોકોને ત્યારે ખબર પડી જ્યારે પોલીસે આ નકલી વકીલને પોતાની કસ્ટડીમાં લીધો. તમને આ બાબતે જાણીને નવાઈ લાગશે કે આ વકીલે પોતાનો કેસ જાતે લડ્યો અને તે જીતી પણ ગયો. પરંતુ હવે આખરે પોલીસે તેને પોતાની કસ્ટડીમાં લઈ લીધો છે. આ વકીલનું નામ છે બ્રાયન મવેન્ડા, કેન્યાની હાઈકોર્ટમાં વકીલ તરીકે પોતાનું પ્રતિનિધિત્વ કરતી વખતે ૨૬ કેસ જીતી ચૂક્યો છે. હવે આખરે કેન્યા પોલીસે આ ફ્રોડ વકીલને પોતાની કસ્ટડીમાં લઈ લીધો છે. એક અહેવાલ અનુસાર વકીલે મેજિસ્ટ્રેટ અપીલ કોર્ટના ન્યાયાધીશો અને હાઈકોર્ટના ન્યાયાધીશો સમક્ષ આ તમામ કેસો ચલવ્ય હતા. રિપોર્ટ અનુસાર, મવેન્ડા ઘણા સમયથી પોતાને એક લાયક વકીલ તરીકે બતાવી હતી. પરંતુ તેની તાજેતરની ધરપકડ સુધી કોર્ટના ન્યાયાધીશોએ તેની ક્ષમતા પર શંકા પણ કરી ન હતી. કેન્યાની લૉ સોસાયટીની નૈરોબી શાખાની રેપિડ એક્શન ટીમે અનેક જાહેર ફરિયાદો મળ્યા બાદ ખોટી રીતે વકીલાત કરવાની વાત હેઠળ તેની ધરપકડ કરી હતી. કેન્યાની લૉ સોસાયટીની નૈરોબી શાખાના અધિકૃત એકાઉન્ટે ટ્વિટર પર લખ્યું હતું કે **He is a member of the Branch.** અધિકારીઓએ તેને વધુ તપાસ માટે કસ્ટડીમાં રાખ્યો છે. 'બ્રાન્ચ સમાજના તમામ સભ્યો અને જનતાને જણાવવા ઈચ્છે છે કે બ્રાયન માવેન્ડા **NJAGI** કેન્યાની હાઈકોર્ટના એડવોકેટ નથી અને સોસાયટીના રેકોર્ડ્સ પ્રમાણે તે બ્રાન્ચના સભ્ય નથી.' અધિકારીઓએ તેને વધુ તપાસ માટે કસ્ટડીમાં રાખ્યો છે.

એક અહેવાલ અનુસાર, કેન્યાની લો સોસાયટીએ જણાવ્યું હતું કે મેવેન્ડાએ ગેરકાયદેસર રીતે તેમના પોર્ટલને એક્સેસ કર્યું અને તેના નામના સમાન એકાઉન્ટને ઓળખીને તેની સાથે ચેડા કર્યા હતા.

### ફિક્સ પેના કર્મચારીઓને સરકારની મોટી ભેટ

# ગુજરાત સરકારે કર્મચારીઓના પગારમાં ૩૦% વધારો કર્યો


## રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ % જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સરકારના વિવિધ વિભાગમાં સરકારી નોકરી કરતા ફિક્સ પગારના કર્મચારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. દિવાળી પહેલા ગુજરાત સરકાર ફિક્સ પેના કર્મચારીઓને મોટી ભેટ આપી છે. દિવાળી પહેલા સરકાર ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકાના વધારાની જાહેરાત કરી છે. આપને જણાવી દઈએ કે, લાંબા સમયથી પગાર વધારો આપવાનો બાકી હતો રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ % જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી તા.૧ લી ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી કરવામાં આવશે.વધુમાં તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના વિકાસમાં રાજ્યના કર્મચારીઓનો ખુબ જ મહત્વનો ફાળો રહ્યો છે. દરેક સરકારી યોજનાઓના અમલીકરણ તથા તેના પર યોગ્ય દેખરેખ થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભ પહોંચાડવામાં કર્મચારીઓએ હંમેશા ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ત્યારે દિવાળી પૂર્વે લેવામાં આવેલા આ નિર્ણય રાજ્યના પ્રત્યેક ફિક્સ પગારના કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે ખુશીની લહેર લાવશે તેવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

આ નિર્ણયથી વર્ગ-૩ના ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૮,૦૯૦ થી વધીને રૂ. ૪૯,૬૦૦ થશે. ઉપરાંત વર્ગ-૩ ના ૪૨૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૧,૩૪૦ થી વધીને રૂ. ૪૦,૮૦૦ થશે. વર્ગ-૩ ના ૨૪૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૯,૯૫૦ થી વધીને રૂ. ૨૬,૦૦૦ થશે. જ્યારે વર્ગ-૪ ના ૧૬૫૦,૧૪૦૦ અને ૧૩૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૬,૨૨૪ થી વધીને રૂ. ૨૧,૧૦૦ થશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ.૫૪૮.૬૪ કરોડ રૂપિયાનું ભારણ વધશે.

# પુરુષને થયું બ્રેસ્ટ કેન્સર ડૉક્ટર પણ વાતથી ચોંકી ગયા



નવી દિલ્હી, તા.૧૯

તમે સ્ત્રીઓમાં સ્તન કેન્સર વિશે સાંભળ્યું જ હશે, પરંતુ શું પુરુષોને પણ સ્તન કેન્સર થઈ શકે છે? અમેરિકામાં એક પુરુષ આ જીવલેણ રોગથી પીડિત હતો. જ્યારે આ બીમારી વિશે જાણ થઈ ત્યારે તે સ્ટેજ ૪માં પહોંચી ગઈ હતી. આ વ્યક્તિએ કહ્યું, 'મને બિલકુલ આ વાતનો અંદાજો નહતો કે, પુરુષોને પણ સ્તન કેન્સર થઈ શકે છે. તેથી, જ્યારે ડૉક્ટરે જણાવ્યું તો અમે ચોંકી ગયા હતાં. એક નાનકડી ભૂલ મારા માટે જીવલેણ થઈ ગઈ. પુરુષોએ આ નિશાનીઓને ક્યારેય નજરઅંદાજ ન કરવું જોઈએ. ફ્લોરિડાના ૪૩ વર્ષીય ઝેક યારબ્રો પાંચ વર્ષ પહેલા તેના બે બાળકો સાથે પૂલમાં સ્વિમિંગ કરી રહ્યા હતા ત્યારે તેને ડાબા સ્તનના નિપલની નીચે ગાંઠ જેવું લાગ્યુ હતું. તેણે વિચાર્યું કે તેને ઈજા થઈ હશે અને તેણે તેની અવગણના કરી. વિશ્વભરમાં પ્રવાસ કર્યો. પરંતુ એક વર્ષમાં આ ગાંઠ ગોલ્ફ બોલ જેટલી મોટી થઈ ગઈ. ત્યારબાદ જેક ચિંતિત થઈ ગયો અને દવાખાને દોડી ગયો. જ્યારે ડૉક્ટરે મેમોગ્રામ કરાવ્યો, ત્યારે પરિણામો ડરામણા હતા. જેકને બ્રેસ્ટ કેન્સર હોવાનું જાણવા મળ્યું હતું. તે સ્ટેજ ૪ પર પણ પહોંચી ગયું હતું અને કેન્સર તેના લિમ્ફ નોડ્સ-ફેફસા સુધી ફેલાઈ ગયું હતું. ડૉક્ટરોએ તુરંત રેડિયલ માસ્ટેક્ટોમી કરી અને તેના સ્તનોની આસપાસના સ્નાયુઓ અને લિમ્ફ નોડ્સને દૂર કરી. ત્યારબાદ કીમોથેરાપીના ૧૨ રાઉન્ડ અને ૩૬થી વધુ રેડિયેશન ટ્રીટમેન્ટ હતી. તે હજુ પણ આ રોગ સામે લડી રહ્યો છે અને હવે દર ત્રણ અઠવાડિયે એકવાર કીમો કરાવે છે અને ઘણી દવાઓ લે છે. ઈન્સાઈડર સાથે વાત કરતા જેકએ કહ્યું કે, સૌથી મુશ્કેલ સમય એ હતો કે હું બીમારી સાથે ફરતો રહ્યો. સંકેત મળ્યા પછી તેણે મહિનાઓ સુધી ડૉક્ટરોને તપાસ કરવવાનું ટાળતો રહ્યો. મારા જેવા ઘણા લોકોને ખ્યાલ નહીં હોય કે સ્તન કેન્સર પુરુષોમાં પણ થઈ શકે છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે તે ખૂબ જ ઝડપથી ફેલાય છે. અમેરિકામાં હવે આ સામાન્ય બાબત બની રહી છે. અમેરિકન કેન્સર સોસાયટીનો અંદાજ છે કે ૨૦૨૩માં આવા ૨૮૦૦થી વધુ કેસ નોંધાશે. એટલું જ નહીં, સ્તન કેન્સરથી ૫૩૦ પુરૂષોના મૃત્યુ થવાની આશંકા છે. જ્યારે આપણે મહિલાઓ પર નજર કરીએ તો દર વર્ષે ૩,૦૦,૦૦૦ મહિલાઓને સ્તન કેન્સર થાય છે અને ૪૩,૦૦૦ થી વધુ મૃત્યુ પામે છે. અમેરિકન કેન્સર સોસાયટી અનુસાર, જો જલ્દી તેની વિશે જાણ થઈ જાય તો, કેન્સરના ૯૯ ટકા દર્દીઓની સારવાર કરી શકાય છે અને પાંચ વર્ષ સુધી જીવિત રાખી શકાય છે. પરંતુ એકવાર તે ફેલાઈ જાય તો બચવાની શક્યતા માત્ર ૪૦ ટકા જ રહે છે.

ખાસ કરીને પુરુષોમાં, કારણ કે તેઓ તેને ઝડપથી ઓળખી શકતા નથી અને તેને નાની ઈજા સમજીને અવગણના કરે છે. તેથી જ સ્ત્રીઓ કરતાં પુરુષો સ્તન કેન્સરથી વધુ મૃત્યુ પામે છે. જ્યારે ૮૬.૪ ટકા બચી જાય છે, ત્યારે સ્તન કેન્સરથી પીડિત પુરુષોમાંથી માત્ર ૭૭.૬ ટકા જ જીવિત રહે છે.

## દેવી મહિમા
-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# ગાયત્રી સાધના અધુરી છોડવાનો ફળ...



પાતાળ લોકમાં રહેનારો તરૂણ નામનો એક દૈત્ય હતો. આ દૈત્ય ગંગા નદીના કિનારો રહી તપ કરતો. તેણે નિરાહાર રહી અને એકાગ્ર ચિતે વર્ષો સુધી ગાયત્રી મંત્રનો જાપ કરેલો. તેને લીધે પ્રસન્ન થયેલા ગાયત્રી દેવી પાસે તરૂણ દૈત્યે વરદાન માંગ્યું કે,"બે પગ વાળા (મનુષ્ય, વાનર વગેરે) તથા ચાર પગ વાળા કોઈ પણ પ્રકારના જીવો મને મારી ન શકે તેવું વરદાન આપો."

ત્યારે માતાજીએ તેને વચન આપ્યું કે,"જ્યાં સુધી તું મારા મંત્રનો જાપ કરતો રહીશ અને મારામાં મન જોડીને રહીશ ત્યાં સુધી કોઈપણ તારો વાળ વાંકો નહીં કરી શકે."

આમ દેવીની શક્તિથી બળવાન બનેલા તરૂણ દૈત્યએ દેવતાઓ સામે મોરચો ખોલ્યો. તે દેવોની શાંતિને હણવા લાગ્યો. યેનકેન પ્રકારે તે દેવોને હેરાન-પરેશાન કરવા લાગ્યો. તેથી કંટાળેલા દેવતાઓ તેનો સામનો કરવા છતાં તેમને પીછેહટ કરવાનો વખત આવ્યો. તેઓ બ્રહ્માજી, વિષ્ણુ અને શિવજી ભગવાનના શરણે ગયા. પરંતુ તેઓ પણ આ તરૂણ દૈત્યની સામે હારી ગયા. ત્યારે દેવતાઓના ગુરૂ બૃહસ્પતિને સાથે રાખી સૌ વિચારવા લાગ્યા કે, તરૂણ દૈત્યની સમસ્યામાંથી કઈ રીતે મુક્ત થવું ?

આખરે બૃહસ્પતિજીએ ઉપાય બતાવ્યો કે, તરૂણ દૈત્ય જો ગાયત્રી મંત્ર કરવાનું છોડી દે તો તેની સામે આપણે વિજય મેળવી શકીએ. તેમજ પોતે બિડું ઝડપ્યું કે, હું ખુદ જાતે જૈઈને તરૂણ દૈત્યની યુક્તિપૂર્વક ગાયત્રી સાધના છોડાવી દઈશ.

બૃહસ્પતિજી તરૂણ દૈત્ય પાસે ગયા અને તેના મનમાં ગાયત્રી મંત્ર પ્રત્યે શંકા ઉભી કરી દીધી. શંકા ઉભી થતાં તેણે ધીરે-ધીરે ગાયત્રી મંત્રની સાધના કરવાનું છોડી દીધું. તેના કારણે તે ધીરે ધીરે નિસ્તેજ થવા લાગ્યો.

બીજી બાજુ દેવતાઓએ જગત જનની મા સાવિત્રીની પૂજા-અર્ચના શરૂ કરી દીધી. શ્રધ્ધા-ભક્તિપૂર્વક ગાયત્રી મંત્રના જાપથી પ્રસન્ન થયેલા સાવિત્રી દેવીએ દેવતાઓને વરદાન આપ્યું કે,"તરૂણનામના દૈત્યના ત્રાસમાંથી હું તમને જરૂર મુક્ત કરાવીશ." પછી દેવીએ પોતાની શક્તિથી ભ્રમરોને ઉત્પન્ન કર્યા ( ભ્રમરો એટલે બે પગ-ચાર પગ વગરના જીવ) એ ભ્રમરોએ તરૂણ દૈત્ય ઉપર પ્રહાર કરી તેને દંશ મારી મારી તેને મારી નાખ્યો.

આમ, ગાયત્રી સાધના છોડી દેનાર તરૂણ દૈત્યનું મૃત્યું થયું અને દેવતાઓ તેના ત્રાસમાંથી મૂક્ત થયા.

સર્વત્ર રક્ષા માટે દેવી મંત્ર.

"સુલેન પાહિ નો દેવિ પાહિ ખડ્ગેન ચામ્બિકે
ઘંટાસ્વનેન નઃ પાહિ ચાપ જ્વાનિઃ સ્વનેનચ."

-ઉપરોક્ત મંત્રની દરરોજ ત્રણ માળા શ્રધ્ધા સાથે કરતા રહેવાથી દેવી મા સર્વત્ર રક્ષા કરે છે.

### ગીર સોમનાથમાં નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ અંતર્ગત

# માનવ જાતના લાભ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય ઉપર નાટક સ્પર્ધા યોજાઈ



ગીર સોમનાથ તા. ૧૯

ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ અંતર્ગત માનવ જાતના લાભ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય ઉપર નાટક યોજાયુ હતુ.જેમા પેટા થીમ તરીકે સમાજમાં અંધશ્રધ્ધા વિષય ઉપર નાટ્ય સ્પર્ધાનું જીલ્લાકક્ષાનું આયોજન શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ તરફથી કરવામાં આવ્યુ હતુ

.આ સ્પર્ધામાં ભાગ લીધેલ ટીમોમાં ગવર્મેન્ટ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ ધણેજ ટીમ પ્રથમ શ્રેષ્ઠ રજુઆત કરનાર ટીમ હતી તથા દ્વિતીય શ્રેષ્ઠ રજુઆત કરનાર ટીમ તરીકે આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કુલ વેરાવળ રહી હતી તેમજ તૃતીયક્રમે છગીયા પ્રાથમિક શાળા તથા એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કુલ આવેલ હતા.હવે શ્રેષ્ઠ ટીમ રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે. આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ ટીમોને શીલ્ડ તથા પ્રમાણપત્ર તેમજ ભાગ લીધેલ તમામ ટીમોને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરી સન્માનિત કરવામાં આવેલ. આ સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે પી.એચ. મલ્લી, નીતિનભાઈ મોરી, રાહુલભાઈ ઉપાધ્યાય રહ્યા હતા અને બાળકોને શ્રેષ્ઠ માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી પલવીબેન જાની (પ્રમુખશ્રી નગરપાલિકા) તથા જયદેવભાઈ જાની, રામભાઈ ઝાલા, પી.બી. છાત્રોડીયા, સી.જી. ભટ્ટ વિગેરે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ સંચાલન લોકવિજ્ઞાન કેન્દ્રના એકેડેમી કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા તથા કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા દ્વારા કરવામાં આવેલ.

### ગાંધીનગરમાં સ્ટેટ લેવલ બેન્કર્સ મીટિંગમાં મુખ્યમંત્રીનું આહ્‌વાન

# વિવિધ યોજનાઓમાં બેંકો શાખાદીઠ ધિરાણ વિસ્તારી ઝડપી લોન આપી શકે

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકારની લોન સહાય યોજનાઓની વ્યાપક સફળતા માટે બેંકોના વધુ સક્રિય સહયોગનું આહ્‌વાન કર્યું છે. ગાંધીનગરમાં સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીની ૧૭૮મી બેઠકના અધ્યક્ષ સ્થાનેથી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેવાડાના અને ગરીબ માનવીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા આર્થિક સહાય આપવાનો જે ઉદાર ભાવ દાખવ્યો છે તેમાં બેન્કસ વધુને વધુ સક્રિયતાથી મદદરૂપ થાય તે અપેક્ષિત છે. તેમણે ખાસ કરીને નાના માનવીઓ, નાના વેપારીઓ, ગ્રામીણ ખેડૂતો, પશુપાલકો, મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપને લોન સહાય ધિરાણ આપવામાં જ્યાં સરકાર ગેરેન્ટર હોય ત્યાં બેન્કસ સરળતાએ ધિરાણ આપે તેવી



હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ આ અંગે કહ્યું કે, બેંકર્સ આવી લોન સહાયની ભરપાઈના અને અન્ય લોન સહાયની ભરપાઈના NPAની તુલના કરવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ બેંકર્સને આવી ધિરાણ યોજનાઓમાં બ્રાન્ચ વાઈઝ ધિરાણ થાય તેવી પ્રક્રિયા વિકસાવવા સૂચન કરતા કહ્યું કે, છેવાડાના-અંતરિયાળ વિસ્તારના જરૂરતમંદ લોકોને આના પરિણામે ઝડપથી ધિરાણ મળશે અને યોજનાઓનો લક્ષ્યાંક સુપેરે પાર પાડી શકાશે. ડિજિટલાઈઝેશન અને બેંકિંગ એટ ડોર સ્ટેપનું શ્રેય વડાપ્રધાને જાય છે. તેમણે ડિજિટલ ટ્રાન્જેક્શન માટે આપેલી પ્રેરણાથી આજે નાનામાં નાનો વેપારી પણ કેશને બદલે ડિજિટલ ટ્રાન્જેક્શન કરે છે આવા સંજોગોમાં બેન્કસ પણ ડિજિટલાઈઝેશનનો વ્યાપ વિસ્તારે અને યોજનાકીય લાભો ત્વરાએ લાભાર્થીને મળે તે માટે પોઝિટિવ એપ્રોચ દાખવે તે આવશ્યક છે. તેમણે કહ્યું કે, સરકાર બેંકર્સ સાથે ઊભી રહીને યોજનાઓના સફળ અમલ માટે પ્રતિબદ્ધ છે. બેંકર્સ પણ તેમને પડતી મુશ્કેલીઓ રાજ્ય સરકારના ધ્યાને લાવે તો સાથે બેસીને સમસ્યાનું સમાધાન થઈ શકે. ભારત વિશ્વની પાંચમી મોટી ઈકોનોમી બન્યો છે તેને ત્રીજા નંબરે લઈ જવામાં અને દેશના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતનું સ્થાન યથાવત્‌ રાખવામા બેન્કસનું યોગદાન મહત્ત્વપૂર્ણ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્ય સચિવ રાજકુમારે બેંકિંગ સિસ્ટમને ઈકોનોમીની લાઈફ લાઈન ગણાવતા કહ્યું કે, બેંકર્સ તેને આગળ ધપાવવામાં સહયોગ કરે. આપણી પાસે પૂરતા સંસાધનો છે ત્યારે સોશિયલ

# પડતર પ્રશ્નો મુદ્દે શરૂ કરાયેલું સંકલન સમિતિનું આંદોલન સ્થગિત કરાયું

### સંકલન સમિતિ અને શિક્ષણમંત્રી વચ્ચેની બેઠકમાં નિરાકરણની ખાતરી બાદ નિર્ણય

અમદાવાદ, તા.૧૯

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલો અને શિક્ષકો સહિતના પ્રશ્નોને લઈને છેલ્લા કેટલાય સમયથી શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં હજુ ૭ જેટલા પ્રશ્નોના નિરાકરણ માટે આંદોલન ચાલુ હતું, પરંતુ તાજેતરમાં ગાંધીનગર ખાતે મળેલી સંકલન સમિતિની બેઠક બાદ આંદોલન સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યના શિક્ષણમંત્રીએ સંકલન સમિતિના હોદ્દેદારો સાથે બેઠક કરી હતી અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટેની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવતા તેમજ આગામી દિવસોમાં દિવાળીના તહેવાર આવી રહ્યા હોવાથી આંદોલન સ્થગિત રાખવામાં આવ્યું છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક મળી હતી. શિક્ષકો અને શિક્ષણને લગતા પ્રશ્નોને લઈને શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા છેલ્લા કેટલાક સમયથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધી નવ જેટલા તબક્કાના કાર્યક્રમ પૂર્ણ થઈ ચૂક્યા છે. દરમ્યાન રાજ્યના શિક્ષણમંત્રી સંકલન સમિતિને રૂબરૂમાં મળ્યા હતા અને સંકલન સમિતિના બાકી રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યવાહી ચાલુ હોવાનું જણાવ્યું હતું. આમ, આગામી દિવસોમાં દિવાળી તહેવાર આવતો હોવાથી તેમજ શાળામાં વેકેશન શરૂ થવાનું હોવાના પગલે અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યવાહી ચાલુ હોવાથી સંકલન સમિતિ દ્વારા હાલમાં આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. આમ, ૯ તબક્કાના કાર્યક્રમમાં ૧૦ પૈકી ૩ પ્રશ્નોનું નિરાકરણ આવ્યું હોય અને આગામી દિવસોમાં અન્ય પ્રશ્નોના નિરાકરણની સરકાર તરફથી ખાતરી મળતા સંકલન સમિતિએ આંદોલન સ્થગિત રાખ્યું હોવાનું સામે આવ્યું છે. જો કે, દિવાળી વેકેશન પછી પ્રશ્નોના નિરાકરણને લઈને સમીક્ષા કરવાનું પણ નક્કી કરાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ‘ઓટો લિસ્ટિંગ’ પદ્ધતિ અદાલતના કિંમતી સમયને બચાવે છે : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૯

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, તેમનો અસીલ સાડાચાર વર્ષથી જેલમાં બંધ છે. તેની જામીન અરજી જસ્ટિશ એસ.વી. પિન્ટોની કોર્ટમાં ખોટી રીતે ૧૨ ઓકટોબરના રોજ ઓટોલિસ્ટિંગ બોર્ડ દ્વારા લિસ્ટ કરાઈ હતી. જે ખરેખર જસ્ટિશ દિવ્યેશ જોશીની કોર્ટમાં હતી. કોર્ટે તેને સંલગ્ન વિભાગને પરત કરી હતી. જો કે, ઓટો લિસ્ટિંગ બોર્ડ દ્વારા હવે નવી તારીખ ૮ નવેમ્બરની અપાઈ છે. કોર્ટે કહ્યું હતું કે, રજિસ્ટ્રારને લિસ્ટિંગ માટે કોઈ ઓર્ડર અપાયો નથી. આ મુદ્દે તમારે રજિસ્ટ્રાર સમક્ષ રજૂઆત કરવી જોઈએ. અરજદારે કહ્યું હતું કે, તેઓ લીગલ રજિસ્ટ્રારને મળ્યા છે અને મૌખિક રજૂઆત કરી છે. તેમને કહ્યું હતું કે, આગામી બેથી ત્રણ દિવસમાં યોગ્ય રીતે લિસ્ટ થશે. જો કે ઓટો લિસ્ટિંગ સિસ્ટમ મુજબ નવી મુદત ૮ નવેમ્બરની બતાવે છે. જેથી કોર્ટે કહ્યું હતું કે, આ કમ્પ્યૂટરાઈઝ કામચલાઉ લિસ્ટ છે ફાઈનલ લિસ્ટ નથી કોર્ટ સમક્ષ કહેવામાં આવ્યું હતું કે, ઓટો લિસ્ટ કરતા પહેલા રજૂઆત કરવાની પદ્ધતિ સારી હતી. જેથી રજૂઆત સાંભળીને જજ તેને જે તે તારીખે લિસ્ટ કરવા જણાવતા. કોર્ટે કહ્યું હતું કે, તમે ઓટો લિસ્ટિંગ સિસ્ટમથી ખુશ નથી લાગતા. પરંતુ નવી પદ્ધતિથી દરેક ખુશ હોય તેમ જરૂરી નથી. ઓટો લિસ્ટિંગનો નિર્ણય હાઈકોર્ટ સ્ટેન્ડિંગ કમિટીનો છે, ફક્ત ચીફ જસ્ટિશનો નહીં. આ સંસ્થાના ભલા માટેનો નિર્ણય છે. કોર્ટનો દરરોજ ૩૦ મિનિટ જેટલો કિંમતી સમય રજૂઆતમાં જ વેડફાઈ જતો હતો. હવે જે કેસ બોર્ડ ઉપર હોય તેને જ હાથ ઉપર લેવામાં આવે છે, અન્ય કેસને નહીં. નવી પદ્ધતિ અપનાવવામાં તકલીફ પડે, સમય અનુસાર પરિવર્તન સ્વીકારવું પડે. આ તમામ લોકોના ભલા માટે છે. તમે તમારી રજૂઆત રજિસ્ટ્રાર સમક્ષ કરો, તેઓ ચોક્કસ તમને સાંભળશે, તેમ હાઈકોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું.

# ભારતનું લક્ષ્ય ૨૦૪૦ સુધીમાં ચંદ્ર ઉપર અંતરિક્ષ યાત્રી મોકલવાનું છે

નવી દિલ્હી તા.૧૯

ભારતનું લક્ષ્ય ૨૦૪૦ સુધી ચંદ્ર ઉપર એક અંતરિક્ષ યાત્રી મોકલવાનું છે. સરકારે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંતરિક્ષ વિભાગને નિર્દેશ જારી કર્યા જેમાં ૨૦૩૫ સુધી એક અંતરિક્ષ સ્ટેશનની યોજના સામેલ છે. ભારતની અંતરિક્ષ મહત્ત્વાકાંક્ષાઓને ત્યારે પ્રોત્સાહન મળ્યું જયારે ઓગસ્ટમાં જ પ્રકારના રશિયન મિશનના નિષ્ફળ થયાના થોડાક જ દિવસો પછી ચંદ્રમાના અજાણ્યા દક્ષિણી ધ્રુવ પાસે અંતરિક્ષ યાન ઉતારનાર આ પ્રથમ દેશ બની ગયો અને સોફ્ટ લેન્ડિંગ મેળવનાર કુલ મિલાવીને ચોથો દેશ બની ગયો. તે સફળતા પછી ભારતે સૂર્યનો અભ્યાસ કરવા માટે એક રોકેટ લોન્ચ કર્યું અને પોતાના ચાલક દળના અંતરિક્ષ મિશનના ભાગ તરીકે આ અઠવાડિયાના અંતમાં એક પરિક્ષણ આયોજિત કરવાનું છે.

# ગુજરાત-દીવ બોર્ડર ઉપર વધુ એક લાયન સફારી પાર્ક બનાવવા આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત વન વિભાગે ગુજરાત-દીવ બોર્ડર ઉપર લાયન સફારી પાર્ક બનાવવાનું આયોજન કર્યું છે. જો આ પ્રોજેક્ટ આયોજન પ્રમાણે ચાલશે તો ટૂંક સમયમાં જ ગુજરાત-દીવ બોર્ડર ઉપર લાયન સફારી પાર્ક કાર્યરત બનશે અને તે દીવ તેમજ કોસ્ટલ હાઈવે ઉપરના પ્રવાસીઓને આકર્ષિત કરશે. આ પાર્કને ડિઝાઈન કરવા માટે સરકારી સત્તાવાળાઓએ પહેલેથી જ આર્કિટેક્ટની નોંધણી કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. લાયન સફારી પાર્ક પ્રાણી સંગ્રહાલયમાં સિંહોના ઘર તરીકે સેવા આપશે અને તેનો હેતુ સાસણગીર જેવા વાતાવરણને ફરીથી બનાવવાનો છે. ધારી નજીકના આંબરડી સફારી પાર્કને શરૂઆતમાં દીવ અને તુલશીશ્યામ જનારા મુલાકાતીઓ માટે તૈયાર કરવામાં આવ્યું હતું, ત્યારબાદ નોંધવામાં આવ્યું કે, પ્રવાસીઓ કોસ્ટલ હાઈવે માર્ગને વધારે પસંદ કરે છે. જેથી સફારી પાર્કમાં સિંહની બે જોડી, ચાર બચ્ચા અને અન્ય ખૂંખાર પ્રાણીઓ જોવા મળશે, જે સાસણ ગીરની યાદ અપાવતો અનુભવ પૂરો પાડશે. આ પ્રોજેક્ટમાં વિભાગને વધારાની જમીન સંપાદન કરવાની જરૂર રહેશે નહીં, કારણ કે દીવથી માત્ર ૭.૭ કિમી દૂર જંગલ વિસ્તાર પહેલેથી જ છે. આ યોજનામાં મુલાકાતીઓ માટે એકંદર અનુભવ વધારવા માટે બસ અને જીપ સફારી બંનેની સુવિધા પણ કરવામાં આવેશે. આ લાયન સફારી પાર્ક પ્રવાસનને વેગ આપશે તેવી ધારણા છે ખાસ કરીને કોસ્ટલ હાઈવે માર્ગ ઉપરથી સોમનાથ અને દ્વારકા જેવા લોકપ્રિય સ્થળોએ જતા પ્રવાસીઓ માટેનું આકર્ષણ રહેશે. સરકાર કેવડિયામાં ખુલ્લો સફારી પાર્ક સ્થાપવાની યોજના ધરાવે છે, જ્યાં મુલાકાતીઓને સિંહ અને વાઘને નજીકથી જોવાની તક મળશે.

# રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા, ગેરકાયદેસર પાર્કિંગ સહિતના મુદ્દે હાઈકોર્ટે કાનૂની સેવા સત્તામંડળને અહેવાલ તૈયાર કરવા માટે કર્યો હુકમ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ સહિત રાજ્યભરમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા, ગેરકાયદેસર પાર્કિંગ સહિતના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અદાલતના તિરસ્કારની અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે ફરી એકવાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ પાસેથી આગામી તા.૨૦ સુધીમાં અહેવાલ માંગ્યો હતો. સત્તામંડળ, તેમના વકીલો અને સ્વયંસેવકો દ્વારા શહેરમાં અને રાજ્યમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તાઓ, ફુટપાથ સહિતની બાબતોમાં લેટેસ્ટ માહિતી રજૂ કરવા માટે આદેશ આપ્યો હતો. આ કેસની સુનાવણી આગામી તા.૨૫ ઓકટોબરના રોજ રાખવામાં આવી છે. દરમ્યાન હાઈકોર્ટે આ કેસમાં રાજ્યના મુખ્ય સચિવને રૂબરૂ હાજર રહેવામાંથી મુક્તિ આપી છે. તેમના બદલે શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના અગ્ર સચિવ દ્વારા હાઈકોર્ટમાં એફિડેવિટ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે, હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, જ્યારે જરૂર પડે ત્યારે મુખ્ય સચિવે હાજરી આપવી પડશે. હાઈકોર્ટે આ ત્રીજી વારના રિપોર્ટમાં રાજ્યની સ્થિતિનો અહેવાલ માંગ્યો છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટે બે વખત કાનૂની સેવા સત્તામંડળ પાસેથી રખડતા ઢોરો, બિસ્માર રસ્તા સહિતના મુદ્દે બે વખત રિપોર્ટ માંગ્યો હતો. જેમાં સેવા સત્તામંડળે હાઈકોર્ટના હુકમ અનુસંધાનમાં બંને મુદ્દે અલગ-અલગ અહેવાલો તસવીરો સાથે રજૂ કર્યા હતા. હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ કાનૂની સેવા સત્તામંડળને અમદાવાદ શહેર તેમજ રાજ્યના જુદા-જુદા ભાગોમાં મુલાકાત લઈ રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા, જાહેર માર્ગો-ફુટપાથની સ્થિતિની ખરાઈ કરવા મુલાકાતો લઈ સંકલન કરી રિપોર્ટ તૈયાર કરવા પણ હુકમ કર્યો હતો. આ બાબતે અદાલતે નોંધ્યું હતું કે, સત્તાવાળાઓ પરિસ્થિતિ નિયંત્રણમાં લઈ શકયા નથી અને તેના કારણે રખડતા ઢોરોના ત્રાસ, ટ્રાફિકની સમસ્યા સહિતના મુદ્દે કેટલાક બનાવો નોંધાયા છે. આ કેસની પ્રોસિડિંગ્સમાં અદાલત કોઈ અસરકારક હુકમ કરે તે પહેલાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ પાસેથી વધુ એક રિપોર્ટની દરખાસ્ત કરે છે. કાનૂની સેવા સત્તામંડળે અમદાવાદ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરી સાથે સંકલન કરી પેરાલીગલ વોલેન્ટિયર અને લીગલ એઈડ એડવોકેટ્‌સની પેનલ તૈયાર કરવી. ગુજરાત કાનૂની સેવા સત્તામંડળના સચિવો અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા એનજીઓની સલાહમસલતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જુદાજુદા ભાગો અને વિસ્તારમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા, જાહેર માર્ગ અને ફુટપાથની સ્થિતિ સહિતના મુદ્દે હાઈકોર્ટના ચુકાદાના પાલન સંદર્ભે અ.મ્યુ.કો. સત્તાવાળાઓ દ્વારા શું પગલાં લેવાયા તે સહિતના મુદ્દે રિપોર્ટ તૈયાર કરવો અને કોર્ટની જાણકારી માટે તેનો ટૂંકસાર પણ તૈયાર કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે આ રિપોર્ટ તા.૨૦મી ઓકટોબર સુધીમાં રજૂ કરી દેવાનો રહેશે.

### સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) સાથે રાજ્ય સરકાર દ્વારા કરાર કરાયા

# રાજ્યમાં વધુ એક સોલાર પાવર પ્લાન્ટ સ્થપાશે : રૂા.૩૫૦૦ કરોડના થશે રોકાણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. (GUVNL) દ્વારા આગામી ૨૫ વર્ષ સુધી માત્ર રૂા.૨.૫૭ પ્રતિ યુનિટના દરે ૭૦૦ મેગાવોટ વીજળી પ્રાપ્ત કરવા માટે સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) સાથે પાવર યુસેજ એગ્રીમેન્ટ (PUA) સાઈન કરવામાં આવ્યુ હતું. આ એગ્રીમેન્ટ અંતર્ગત ગુજરાતમાં સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવશે, જે આગામી ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં કાર્યરત થશે. આ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાતમાં આશરે રૂા.૩૫૦૦ કરોડનું રોકાણ આવવાનું અનુમાન છે. ગુજરાતના રીન્યુએબલ એનર્જી ક્ષેત્ર માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. કારણ કે, GUVNL દ્વારા આ પ્રોજેક્ટ થકી અત્યારસુધીની સૌથી વધારે ક્ષમતા ધરાવતા ૭૦૦ મેગાવોટ જેટલી વીજ ખરીદી માટેનું એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્પન્ન થતી સૌર ઊર્જા રાજ્ય સરકારને પૂરી પાડવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા વાયેબીલીટી ગેપ ફંડિંગ (VGF) થકી સહાય આપવામાં આવી છે. ગુજરાતમાં ૭૦૦ મેગાવોટ ઊર્જાના ઉમેરા સાથે રાજ્યમાં સૌર ઊર્જા ઉત્પાદનમાં એકંદરે વધારો થશે, અને પરિણામે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રાજ્યના ખેડૂતોને દિવસ દરમ્યાન વીજ પુરવઠો પૂરો પાડવાની સુવિધા વધુ સઘન બનશે. ગુજરાતમાં કેન્દ્ર સરકારના ન્યૂ એન્ડ રીન્યુએબલ એનર્જી ડીપાર્ટમેન્ટની “સેન્ટ્રલ



પબ્લિક સેકટર અંડરટેકિંગ (CPSU)” સ્કીમના બીજા તબક્કાના ટ્રેન્ચ-૩ અંતર્ગત SECI દ્વારા આ પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. સ્થાનિક રીતે ઉત્પાદિત સોલર પીવી સેલ અને મોડ્યુલોના ઉપયોગ થકી રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા અને પર્યાવરણીય સસ્ટેનેબીલીટીની સુવિધામાં વધારો કરવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ જે. પી. ગુપ્તા, SECIના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આર. પી. ગુપ્તા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા તથા અન્ય અગ્રણીઓ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પાવર યુસેજ એગ્રીમેન્ટ પર રાજ્ય સરકાર તરફથી GUVNLના જનરલ મેનેજર (રિન્યુબલ એનર્જી) તેમજ સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તરફથી SECIના જનરલ મેનેજર દ્વારા સાઈન કરવામાં આવી હતી.

# રાજ્યના ખેડૂતો પાસેથી ખરીફ પાક ટેકાના ભાવે ખરીદી માટે મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે ખેડૂતોને નોંધણી કરાવવા ઈ-સમૃધ્ધિ પોર્ટલ તા. ૨૫-૦૯- ૨૦૨૩ થી તા. ૧૬-૧૦-૨૦૨૩ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ખેડૂતોએ કરેલી રજૂઆતોને ધ્યાન લઈ ખેડૂતોના વ્યાપક હિતમાં નોંધણી પ્રક્રિયા આગામી તા. ૩૧ ઑક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું હતું કે, તા.૧૫ ઑક્ટોબર સુધીની સ્થિતિએ રાજ્યમાં મગફળી માટે ૩૫,૫૮૫ ખેડૂતો, સોયાબીન માટે ૨૩,૩૧૬ ખેડૂતો, મગ પાક માટે ૯૫ ખેડૂતો અને અડદ પાક માટે ૬૨ ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૬૩૬૪ કરોડની કિંમતની ૯.૯૮ લાખ મે. ટન મગફળી અને રૂ. ૪૨૦ કરોડની ૯૧,૩૪૩ મે. ટન સોયાબીનની ખરીદી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે મગફળીનો ટેકાનો ભાવ રૂા.૬૩૭૭/- કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮૫૫૮/- કિવ., અડદનો ટેકાનો ભાવ રૂા.૬૯૫૦/- કિવ. અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂા.૪૬૦૦/- કિવ. જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના વિવિધ ખરીદ કેન્દ્રો ઉપર રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી તા.૨૧-૧૦-૨૦૨૩ રોજથી શરૂ કરવામાં આવશે.

**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફલેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે મો.૯૮૨૪૫૯૨૫૫૯

# વહીદા રહેમાનને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો



નવી દિલ્હી, તા.૧૯

સ્કીન આઈકોન વહીદા રહેમાન પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર મેળવનાર આઠમા મહિલા કલાકાર બન્યા છે, જે ભારતીય સિનેમાના ક્ષેત્રમાં સર્વોચ્ચ માન્યતા ધરાવતો પુરસ્કાર છે, આ સન્માન તેમણે તેમના પ્રિય ફિલ્મ ઉદ્યોગ અને તેના વિવિધ વિભાગોને સમર્પિત કર્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અહીંના વિજ્ઞાન ભવનમાં આયોજિત ૬૯મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દરમિયાન ૮૫ વર્ષીય રહેમાનને પુરસ્કાર અર્પણ કર્યો. સિનેમાના દિગ્ગજ કલાકાર, સ્ટેજ ઉપર જઈ રહ્યા હતા ત્યારે તેમને એ-લિસ્ટ મેળાવડામાંથી સ્ટેન્ડિંગ ઓવેશન પ્રાપ્ત થયું હતું, તેમણે ફિલ્મ નિર્માણ કેવી રીતે સહયોગી પ્રક્રિયા છે તે વિશે વાત કરી હતી. રહેમાને પુરસ્કાર સ્વીકૃતિ ભાષણમાં કહ્યું કે, હું ખૂબ જ સન્માનિત અને નમ્રતા અનુભવું છું, પરંતુ આજે મેં જે કંઈ હાંસલ કર્યું છે, તે મારા પ્રિય ફિલ્મ ઉદ્યોગને કારણે છે. સદ્‌ભાગ્યે મને ટોચના દિગ્દર્શકો, નિર્માતાઓ, ફિલ્મ નિર્માતાઓ, ટેકનિશિયન, લેખકો, સંવાદ લેખકો, સંગીત નિર્દેશકો અને સંગીતકારો સાથે કામ કરવાની તક મળી. તેમણે મેક-અપ કલાકારો, વાળ અને કોસ્ચ્યુમ ડિઝાઈનર્સને પણ શ્રેય આપતા કહ્યું કે, મને તેમના તરફથી ઘણો સમર્થન, આદર અને પ્રેમ મળ્યો. એટલે જ હું ફિલ્મ ઉદ્યોગના તમામ વિભાગો સાથે આ પુરસ્કાર શેર કરી રહી છું. તેઓએ મને શરૂઆતથી જ ખૂબ માન, સમર્થન અને પ્રેમ આપ્યો. ફિલ્મ માત્ર એક વ્યક્તિ દ્વારા બનાવવામાં આવતી નથી, અમને અન્ય દરેકની જરૂર છે. રહેમાનના નજીકના મિત્ર અને ગયા વર્ષના દાદાસાહેબ પુરસ્કાર વિજેતા આશા પારેખ, અભિનેતા ચિરંજીવી, પરેશ રાવલ, પ્રોસેનજીત ચેટરજી અને ફિલ્મ નિર્માતા શેખર કપૂરનો સમાવેશ કરતી પાંચ સભ્યોની જ્યુરીએ રહેમાનને પ્રતિષ્ઠિત સન્માન માટે પસંદ કર્યા હતા. રહેમાને ૧૯૫૬માં ગુરૂ દત્તની ફિલ્મ CIDમાં દેવ આનંદની સામે હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો અને ક્લાસિક પ્યાસા, કાગઝ કે ફૂલ અને ચૌદવી કા ચાંદ સહિત પાંચ દાયકાથી વધુની શ્રેષ્ઠ કારકિર્દીનું નિર્માણ કર્યું હતું. ગાઈડ તેમજ કભી કભી અને ખામોશી જેવી પછીની હિટ ફિલ્મો હતી. દાદાસાહેબ ફાળકે સન્માનની જાહેરાત ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ તેમના ગાઈડ અને CIDના સહ-સ્ટાર દેવ આનંદની જન્મ શતાબ્દી સાથે એકરૂપ છે. ૧૯૫૫ની તેલુગુ ફિલ્મો રોજુલુ મારાયી અનેર જયસિમ્હાથી સિનેમામાં પ્રવેશ કરનાર રહેમાને ભાષાઓની ૯૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. ૨૦૦૦ના દાયકામાં તેઓ ઓમ જય જગદીશ, રંગ દે બસંતી દિલ્હી-૬ અને ધ સોંગ ઓફ સ્કોર્પિયન્સમાં જોવા મળ્યા હતા. તેમની છેલ્લી ફિલ્મ ૨૦૨૧ સ્પોટ્‌ર્સ ડ્રામા સ્કેટર ગર્લ હતી. તેમને રેશ્મા ઔર શેરામાં કુળની ભૂમિકા માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. તે પહેલાં પણ પદ્મશ્રી અને પદ્મ ભૂષણથી સન્માનિત થઈ ચૂક્યા છે. ફિલ્મ અભિનેતા-નિર્માતા દેવિકા રાની પ્રથમ દાદાસાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા હતા. આ સન્માન મેળવનાર અન્ય મહિલા કલાકારોમાં સુલોચના, કાનન દેવી, દુર્ગા ખોટે, લતા મંગેશકર, આશા ભોસલે અને આશા પારેખનો સમાવેશ થાય છે.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ

# ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશન અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર સમાનવ મિશનના આપેલા લક્ષ્યાંકમાં ગુજરાત યોગદાન આપવા સજ્જ




અમદાવાદ તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ચંદ્રયાન-૩ની સફળતા પછી ભારતને અવકાશ ક્ષેત્રમાં નવી ઊંચાઈએ પહોંચાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આ હેતુસર વડાપ્રધાન મોદીએ ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશન અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર સમાનવ મિશનનો લક્ષ્યાંક રાખ્યો છે. એટલું જ નહીં, ચંદ્રયાન મિશન?સની વધુ શૃંખલા, નેકસ્ટ જનરેશન લોન્ચ વ્હીકલ ડેવલપમેન્ટ, નવા લોન્ચપેડ નિર્માણ જેવી પહેલ માટે પણ પ્રેરણા આપી છે.

ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ લક્ષ્યાંકમાં પોતાનું યોગદાન આપવાની સજ્જતા કેળવવા એક મહત્વપૂર્ણ રેં કર્યો છે.

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસની સ્વાયત એજન્સી ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર ઈન-સ્પેસ અને ગુજરાત સરકાર વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ રેં કરવામાં આવ્યા છે. તદઅનુસાર, અમદાવાદના બોપલમાં પોતાનું હેડ ક્વાર્ટર ધરાવતી ઈન-સ્પેસ સાણંદમાં સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરની સ્થાપના કરવાની છે.

સ્પેસ ટેકનોલોજીના સાધનોને અનુરૂપ વિવિધ મેન્યુફેક્ચરિંગ એકમો-ઉદ્યોગો આ ક્લસ્ટરમાં શરૂ કરવા માટે ઈન-સ્પેસ પ્રોત્સાહન અને ટેકનિકલ ગાઈડન્સ પૂરું પાડશે. આ હેતુસર બોપલમાં ઈન-સ્પેસના હેડકવાર્ટર ખાતે ટેકનિકલ સપોર્ટ એન્ડ ઈક્યુબેશન સેન્ટર પણ કાર્યરત કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર જમીન તેમજ સ્પેસ અને સંલગ્ન ક્ષેત્રના ઉદ્યોગો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવામાં સંપૂર્ણ સહયોગ આપશે તેમ આ તકે જણાવ્યું હતું.

આ MoU સાઈનીંગ અવસરે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત, રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ રાજકુમાર તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ ભારત સરકારની ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર ઈન-સ્પેસના ચેરમેન ડૉ. પવન કુમાર ગોયેંકા, જોઈન?ટ સેક્રેટરી લોચન શહેરા તથા પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ઈન-સ્પેસના ડાયરેક્ટર ટેકનિકલ ડૉ. રાજીવ જ્યોતિ અને ગુજરાત સરકારના વરિષ્ઠ સચિવો સહભાગી થયા હતા.

## રાજય સરકારનાં નિર્ણયને વધાવતા પૂ.તનસુખગીરીબાપુ



જૂનાગઢ, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા નવરાત્રી પર્વમાં રાત્રિના ૧૨:૦૦ વાગ્યા પછી પણ ગરબા લેવા માટે જે મંજૂરી આપવામાં આવી છે તે બાબતે ગિરનાર અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગીરી બાપુએ સરકારના નિર્ણયને વધાવતા જણાવ્યું હતું કે તે સારી વાત છે માના ગુણગાન ગાવા અને મર્યાદામાં રહી અને ગરબા રમવા એ બાબતે અમે રાજીપો વ્યક્ત કરીએ છીએ અને સરકારને આ બાબતે ધન્યવાદ આપ્યા હતા.

### જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંગરોળ દ્વારા

# નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું



માંગરોળ તા. ૧૯

જૂનાગઢ જિલ્લા આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત જૂનાગઢ અને જાયન્ટસ ગ્રુપ ઓફ માંગરોળના સયુંકત ઉપક્રમે ગોપાલ ગૌશાળા ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિઃશુલ્ક ગોઠણના તેમજ કમરના દુઃખાવામાં અગ્નિ કર્મની ખાસ સારવાર પણ આપવામાં આવી હતી. ઉપરાંત સ્નાયુ, હાડકા, સાંધાના રોગ, થાઈરોઈડ, ડાયાબિટીસ, શ્વાસ, ઉધરસ, શરદી, હરસ, મસા વગેરે રોગોથી પીડાતા દર્દીઓને નિષ્ણાંત આયુર્વેદ તજજ્ઞો દ્વારા શાસ્ત્રોક્ત પદ્ધતિથી નિદાન અને નિઃશુલ્ક આયુર્વેદ સારવાર સાથે મફત દવાઓ પણ આપવામાં આવી હતી.

કેમ્પમાં ઉપસ્થિત ડો.જોસેફ ખેરાણી, ડો.સચીન દલાલ, ડો.નિયુત અગ્રાવત સહીતના ડોક્ટરોએ ખાસ હાજરી આપી હતી. જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંગરોળના હોદેદારો ગોપાલ કૃષ્ણ ગૌશાળા પ્રમુખ તેમજ શિવમ ચક્ષુદાન, આરેણા, સંજીવની નેચર ફાઉન્ડેશન તથા પત્રકાર મિત્રો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકાયો હતો. જેમાં મોટી સંખ્યામાં માંગરોળ સહીત આસપાસના લગભગ ૧૨૫ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

## એસટી કર્મચારીની પ્રમાણિકતા



જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ-પતરાપસર રૂટની એસટી બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરનું પાકિટ જેમાં રૂા.૨૫૦૦ તેમજ બે એટીએમ, આઈકાર્ડ સહીતનું પાકીટ બસમાં પડી જતાં જે પાકીટ બસના કંડકટર હેમલતાબેન તેરૈયાને મળી આવતા તેમણે પાકીટના મુળ માલિકનો સંપર્ક કરી જૂનાગઢ ડેપોના એટીઆઈ દિલીપભાઈ મહીડાની હાજરીમાં મુળ માલિકને પરત કરેલ હતો. આમ હેમલતાબેનએ પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડેલ છે અને મુસાફરે ઉદારતા રાખી પંખીના ચણ માટે રૂા.૫૦૦ આપેલ છે.

## ગીર સોમનાથ જીલ્લામાં પોલીસ ઈન્સ્પેકટરોની આંતરીક બદલી

### વેરાવળના સીટી પીઆઈની એલસીબીમાં મુકાયા



વેરાવળ તા. ૧૯

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ ગઈકાલે જીલ્લાના ચાર પોલીસ ઈન્સ્પેકટરોની આંતરીક બદલી કરેલ છે. જેમાં વેરાવળ સીટી પીઆઈ સુનીલ ઈસરાણીને એલસીબી અધિકારી તરીકે તેમજ પ્રભાસ પાટણના પીઆઈ એ.એમ. મકવાણાને વેરાવળ સીટીમાં મુકાયા છે. તેમજ સોમનાથ મંદિર સુરક્ષા પીઆઈ વી.એ. ચારણને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન અને રીઝર્વ પીઆઈ એમ.વી. પટેલને સોમનાથ મંદિરમાં સુરક્ષામાં મુકાયા છે. વેરાવળ સીટી ખાતે એસ.એન. ઈસરાણીએ અનેકને ડીટેકશન અને પોલીસને ગૌરવરૂપ કામગીરી બજાવેલ છે.

# શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ માત્ર એક જ વર્ષમાં ૫૦ લાખ શ્રમિકોએ મેળવ્યો પાંચમાં ભોજનનો લાભ

**રાજ્યના ૧૦ જિલ્લામાં ૧૧૮ કડિયાનાકા પર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે : ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામની સાઈટ પર ભોજનની ડિલીવરી કરવામાં આવે છે**



ગાંધીનગર તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શક નેતૃત્વ હેઠળ ઓક્ટોબર ૨૦૨૨માં શ્રમિક અન્નપૂર્ણા યોજનાની કામગીરી ફરીથી શરૂ કરવામાં આવી હતી, અને આજે માત્ર એક વર્ષના સમયગાળા દરમિયાન રાજ્યના લગભગ ૫૦ લાખ શ્રમિકો આ યોજના હેઠળ ?૫ માં ભોજનનો લાભ મેળવી ચૂક્યા છે. શ્રમિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા બાંધકામની સાઈટ પર ભોજનની ડિલીવરી પણ કરવામાં આવે છે. અત્યારે ૫૦થી વધુ બાંધકામ શ્રમિકો જ્યાં કામ કરતા હોય તેવી બાંધકામ સાઈટ પર ભોજનની ડિલીવરી કરવામાં આવે છે. હાલ, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને વડોદરાની ૧૩ સાઈટ પર શ્રમિકો માટે ભોજન પહોંચાડવામાં આવે છે.


શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજયમાં ૧૦ જિલ્લાઓમાં ૧૧૮ કડિયાનાકા પર ભોજન પ્રદાન કરવામાં આવે છે. આ જિલ્લાઓમાં અમદાવાદ (૪૭ કડિયાનાકા), ગાંધીનગર (૪ કડિયાનાકા), વડોદરા (૧૨ કડિયાનાકા), સુરત (૧૮ કડિયાનાકા), નવસારી (૩ કડિયાનાકા), રાજકોટ (૯ કડિયાનાકા) અને મહેસાણા (૭ કડિયાનાકા), વલસાડ (૬ કડિયાનાકા), પાટણ (૮ કડિયાનાકા) અને ભાવનગર (૪ કડિયાનાકા) નો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત શ્રમિકોને ભોજનમાં કઠોળનું શાક, બટાકા અને મિક્ષ શાક, રોટલી, ભાત, અથાણું/ મરચાં, ગોળ, દર ગુરુવારે ખીચડી-કઢી તેમજ અઠવાડિયામાં એક વખત સુખડી અથવા તો શીરો આપવામાં આવે છે. પ્રતિ ભોજન અત્યારે સરકાર તરફથી ?૩૭ની સબસીડી ચૂકવીને માત્ર ?૫માં શ્રમિકોને ભોજન પૂરું પાડવામાં આવે છે.

શ્રમિક અન્નપૂર્ણાના તમામ કેન્દ્રો ઉપર ઈ-નિર્માણ કાર્ડની મદદથી ભોજન શ્રમિકો ભોજન મેળવે છે. કાર્ડનો ક્યુઆર (ઊઈ) કોડ સ્કેન કરાવીને ટિફિનમાં કે સ્થળ પર જ એક સમયનું ભોજન શ્રમિકો મેળવી શકે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેમના માટે બૂથ પર જ બાંધકામ શ્રમિકોની હંગામી ધોરણે નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી તેઓ ભોજન મેળવી શકે છે.

# ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધની અસર ફ્રાન્સ ઓલિમ્પિક રમતોની સુરક્ષા યોજનાઓ પર થશે!

પેરિસ,તા.૧૯

હાલમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ (Israel Hamas war) છેડાયેલુ છે. જોકે ઈસ્લામિક જૂથ હમાસ સાથેના યુદ્ધની અસર ફ્રાન્સમાં આવતા વર્ષે યોજાનારી ઓલિમ્પિક રમતોની સુરક્ષા યોજનાઓ પર થશે કે કેમ તે અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. જો કે સોમવારે પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકસની આયોજન સમિતિના વડાએ મુંબઈમાં યોજાયેલી બેઠકમાં આ અંગે નિવેદન આપ્યુ હતુ. પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકસની આયોજન સમિતિના વડા એટલે કે ૨૬ જુલાઈ-ઓગસ્ટની આયોજક સમિતિના પ્રમુખ ટોની એસ્ટાનગુએટે યુદ્ધના વાતાવરણના કારણે ઓલિમ્પિકની રમતોના આયોજન પર અસર થશે કે નહીં તે અંગે નિવેદન આપ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, હાલમાં જે કઈ પણ થઈ રહ્યુ હોય, અમે અમારી યોજનાઓમાં ફેરફાર કરીશું નહીં, કારણ કે શરૂઆતથી અમે પેરિસ ૨૦૨૪ માટે ઉચ્ચ કક્ષાની સુરક્ષાનું ધ્યાન રાખી રહ્યા છીએ. તેમણે જણાવ્યુ હતુ કે અમે ઘણું ખરુ અનુમાન લગાવ્યુ હતુ કે અમારે શું કરવું જોઈએ.વર્ષ ૨૦૨૦થી અમે ઘણા




ધ્યાનથી જાણીએ છીએ કે અમારે દિવસે દિવસે કાર્યક્રમના અનુસાર કેટલા લોકોની જરુર છે અને સુરક્ષાની ગેરંટી માટે જાહેર સત્તાવાળા અધિકારીઓ સાથે વાતચીત કરવાનું કામ ચાલુ છે.વધુમાં તેમણે જણાવ્યુ કે, મને વિશ્વાસ છે કેમ કે સુરક્ષાની ગેરંટી આપવા માટે અમારા ભાગીદારોની તરફથી એક મજબૂત પ્રતિબદ્ધતા આવી રહી છે. ફ્રાંસે જણાવ્યુ છે કે તે ૨૦૨૪ ઓલિમ્પિક રમતોનો ઉદ્‌ઘાટન સમારોહ જ્યાં યોજાવાનો છે તે પેરિસની નદી પર ડ્રોન હુમલા સહિતના ખતરાઓથી સુરક્ષા પ્રદાન કરવા માટે લગભગ ૩૫ હજાર સુરક્ષા એજન્ટ અને સેના તહેનાત રાખવામાં આવશે.

ટોની એસ્ટાન ગુએટેએ મુંબઈમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની બેઠકમાં પેરિસ ૨૦૨૪ રમતો અંગે વિશે વાત કર્યા પછી એમ પણ જણાવ્યુ હતુ કે અહીં આવનાર લોકોના પ્રવાસની શરુઆતથી જ તેમની સુરક્ષા ખરેખર આ પરિયોજનાનો એક ભાગ છે.

# મણિપુરમાં બે મહિલાઓને નગ્ન પરેડ કરાવવાના કેસમાં CBIએ ૬ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી




મણીપુર,તા.૧૯

કેન્દ્રીય તપાસ બ્યુરોએ સોમવારે મણિપુર વાયરલ મહિલાઓને નગ્ન કરીને પરેડ કરાવવાના કેસમાં ૬ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. આ સાથે ગુવાહાટીમાં CBI કોર્ટના સ્પેશિયલ જજ સમક્ષ પણ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. મણિપુરમાં ભડકેલી હિંસા દરમિયાન બે મહિલાઓની સાથે જાતીય સતામણીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો જાહેર થયા બાદ દેશભરમાં આક્રોશ ફેલાયો છે. આ પછી સુપ્રીમ કોર્ટે કેસમાં હસ્તક્ષેપ કરીને સીબીઆઈને તપાસ સોંપી હતી. આરોપ છે કે મણિપુર હિંસા દરમિયાન ૪ મેના રોજ લગભગ ૯૦૦થી ૧ હજાર લોકો હથિયારો સાથે મણિપુરના કાંગપોકપી જિલ્લાના બી ફેનોમ ગામમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન હિંસક ટોળાએ અનેક ઘરોમાં આગ લગાવી દીધી અને અનેક ઘરોને લૂટ્યા હતા. આટલું જ નહીં, રોષે ભરાયેલા ટોળાએ ગ્રામજનોને માર માર્યો હતો અને મહિલાઓનું યૌન શોષણ પણ કર્યું હતું. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા ટોળાએ બે મહિલાઓને ઉતારીને રસ્તા પર ઉતારી હતી અને તેમાંથી એકના પરિવારના બે સભ્યોનું પણ મોત થયું હતું. સીબીઆઈ તપાસમાં પુષ્ટિ થઈ છે કે મણિપુર પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આરોપીઓ આ ઘટનામાં સામેલ હતા. આ તમામ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ ચાર્જશીટમાં જણાવ્યું છે કે આરોપીઓ પર ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ સામૂહિક બળાત્કાર, હત્યા, મહિલાની પર અત્યાચાર અને ગુનાહિત ષડયંત્રનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટનાની નિંદા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે મણિપુરમાં બે મહિલાઓ સાથેની ઘટનાએ ૧૪૦ કરોડ ભારતીયોને શરમમાં મૂકી દીધા છે. તેમણે કહ્યું હતું કે કાયદાનું કડક પાલન કરવામાં આવશે અને આ ઘટનામાં સંડોવાયેલા કોઈપણ ગુનેગારને છોડવામાં નહી આવે. સંસદ સંકુલમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન પીએમ મોદીએ કહ્યું હતું કે જ્યારે હું લોકશાહીના આ મંદિરમાં ઉભો છું ત્યારે મારું હૃદય પીડા અને ગુસ્સાથી ભરેલું છે. મણિપુરમાં જે ઘટના સામે આવી છે તે કોઈપણ સંસ્કારી સમાજ માટે શરમજનક છે. બીજા કોણ છે જે પાપ કરે છે અને ગુના કરે છે? તે તેની જગ્યાએ છે. પરંતુ આ ઘટનાએ સમગ્ર દેશનું અપમાન કર્યું છે. ૧૪૦ કરોડ દેશવાસીઓ શરમ અનુભવી રહ્યા છે.

દેશી દારૂનું એપી સેન્ટર બનેલ સુત્રાપાડાના પોલીસ સ્ટેશનની શરમ જનક ઘટના

# કોને પૂછીને આ બુટલેગરને લાવ્યા.? કહી, પોલીસ કર્મચારીને બુટલેગરની હાજરીમાં અધિકારીએ ખખડાવી નાખ્યો

**પ્રશ્નાવડા ગામના બુટલેગર સફુ વિરૂધ્ધ ૧૨ કલાક બાદ પોલીસની નાટ્યાત્મક કાર્યવાહી**
**પોલીસ સ્ટેશનમાંથી મુદામાલ સાથે બુટલેગર બિન્દાસ નીકળી ઘરે પહોચી ગયો**

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૧૯

સુત્રાપાડા પંથકમાં દેશી દારૂના ખુલ્લેઆમ વેંચાણની ચર્ચાઓ વચ્ચે સ્ટેટ કંટ્રોલમાંથી આવેલ વરધીના આધારે તાલુકાના પ્રશ્નાવડા ગામે પ્રોહીબિશનની કામગીરી કરનાર પોલીસકર્મીને જવાબદાર અધિકારીએ બુટલેગરની હાજરીમાં બેફામ ખખડાવી નાખ્યાનો અત્યંત શરમજનક કિસ્સો સામે આવતા ચકચાર પ્રસરી છે. આ કિસ્સામાં પાછળથી નાટકીય રીતે રાત્રીના બુટલેગરને પકડી લાવી પ્રોબીશનનો ગુનો નોંધવાની કાર્યવાહી કરી છે. જો કે, આ સમગ્ર મામલે પીડીત પોલીસકર્મીએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા પોલીસવડાએ આંતરીક તપાસના આદેશ કર્યા છે.ગીર સોમનાથ જિલ્લાનું સુત્રાપાડા પંથક દેશી દારૂનું એ.પી. સેન્ટર બની ગયાની ચર્ચાઓ વચ્ચે સુત્રાપાડા પોલીસ જાણે હવે તમામ હદ વટાવી ગઈ હોય તેવો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેની આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ગઈકાલે તા.૧૭ના સવારે ૮:૩૦ વાગ્યે હેલ્પલાઈન **112 PCR** માં સ્ટેટ કન્ટ્રોલમાંથી વરધી આવે છે. જેમાં પ્રશ્નાવડા ગામમાં નરેશભાઈ વાજાના ઘરના ઓટલે ત્રણેક ઈસમો દારૂ પી ને બબાલ કરતા હતા. જે વરધીના આધારે ફરજ પરના પોલીસ કર્મચારી ભીખાભાઈ પઢીયાર સ્ટાફ સાથે તુરંત પ્રશ્નાવડા ગામે પહોંચીને ફરીયાદીનો સંપર્ક કરતા તેના ઘરની બાજુમાં સફુ નામનો ઈસમ દારૂનું વેચાણ કરતો હોવાનું જણાવતા પોલીસ ત્યાં જઈ તપાસ કરતા સરફરાજ ઉર્ફે સફુ વલીભાઈ ખત્રી નામનો બુટલેગર દારૂના જથ્થા સાથે મળી આવતા પોલીસ કર્મચારીઓએ આ બુટલેગરને દારૂના મુદામાલ સાથે પોલીસ સ્ટેશન લઈ આવીને ફરજ પરના પી.એસ.ઓ ને સોંપેલ હતો.

બાદમાં થયેલ ઘટનાક્રમ અંગે પોલીસકર્મી ભીખાભાઈ પઢીયારના જણાવ્યા મુજબ બપોરે ૧૨ વાગ્યા ના સુમારે થાના અધિકારી પી.એસ.આઈ વાઘેલા સાહેબએ ચેમ્બરમાં બોલાવી બુટલેગરની હાજરીમાં બેફામ ખખડાવીને ન બોલવાના શબ્દો બોલી અપમાનિત કરતા જણાવેલ કે, તમને આ બુટલેગરને લઈ આવવાનું કોને કહ્યુ હતુ. આ સાંભળી હું હતપ્રભ બની ગયો હતો. આ અંગે ઉપરોકત વિગતો અંગે ઉચ્ચ પોલીસ અધિકારીનું ધ્યાન દોર્યુ હતુ. બાદમાં આ મામલમાં સવારે મુદામાલ સાથે લઈ આવેલ બુટલેગર પોલીસ સ્ટેશનમાંથી ગુપચુપ રીતે નીકળી જાય છે. ત્યારબાદ રાત્રીના ૧૦:૩૦ કલાકે નાટ્યાત્મક રીતે સુત્રાપાડા પોલીસ ફરી બુટલેગરની અટકાયત કરી તેના વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી કરી હોવાનો હૈંઇ માં ઉલ્લેખ કરેલ છે. ત્યારે આ મામલાની સાચી તપાસ થશે તો ચોંકાવનારી હકીકત સામે આવશે તેવી ચર્ચા થઈ રહી છે. હવે જિલ્લા પોલીસવડા આ મામલાને કેટલી ગંભીરતાથી લે છે અને સુત્રાપાડાના કથિત રીતે ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત અધિકારીઓ અને કર્મચારીઓ સામે કેવી કાર્યવાહી કરે છે તે જોવું રહ્યુ. હાલ તો પોલીસ બેડામાં આ સમગ્ર ઘટના ચર્ચાનો વિષય બન્યો છે.

# આજે મનુષ્ય ગૌરવ દિવસ : સ્વાધ્યાય પરિવારનાં સ્થાપક પાંડુરંગ શાસ્ત્રીની આજે જન્મજયંતિ

મનુષ્ય ગૌરવદિન એટલે પૂ. દાદાજીનાં નામે ઓળખાતા સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનો જન્મદિન, જે દર વર્ષે ૧૯મી ઓક્ટોબરના દિવસે મનાવવામાં આવે છે. સ્વાધ્યાય પરિવાર આ દિવસને મનુષ્ય ગૌરવ દિન તરીકે ઉજવે છે.

**સ્વાધ્યાય પરિવાર વિશે**

સ્વાધ્યાય પરિવાર પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે દ્વારા સ્થપાયેલ એક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરિવાર છે. સ્વાધ્યાય કાર્યની શરૂઆત મુંબઈ સ્થિત માધવબાગ પાઠશાળાથી થઈ અને હજુ પણ તે સ્વાધ્યાય કાર્યના કેન્દ્ર સ્થાને છે. સ્વાધ્યાય પરિવાર આજે ૩૫ જેટલા દેશોમાં ફેલાયેલો છે અને તેમનું મુખ્ય કાર્ય વૈદિક સંસ્કૃતિના પુનરૂત્થાનનું છે. સ્વાધ્યાય પરિવાર એ એક દૈવી પરિવાર છે. જેમાં વિવિધ અષ્ટામૃત કેન્દ્રો દ્વારા જેવા કે બાલ સંસ્કાર કેન્દ્ર દ્વારા બાળકોમાં, યુવા કેન્દ્ર દ્વારા યુવાનો, મહિલા કેન્દ્ર દ્વારા મહિલાઓ, વિડિઓ કેન્દ્રો, યુવતી કેન્દ્ર દ્વારા યુવતીઓમાં સંસ્કાર અને જીવન કઈ રીતે જીવવું તે શીખવવામાં આવે છે.સ્વાધ્યાય પરિવારનો આધાર શ્રીમદ ભગવદગીતા છે. જેના ઉપર સમગ્ર કાર્ય ઊભેલું છે.

**મનુષ્ય ગૌરવદિનની ભક્તિફેરી**

સ્વાધ્યાય પરિવાર આ દિવસને વિશેષ રૂપે ઊજવે છે. આ દિવસોમાં ભક્તિફેરીનું આયોજન કરવામાં આવે છે જેને મનુષ્ય ગૌરવદિનની ભક્તિફેરી તરીકે ઓળખવામાં આવે છે. ભક્તિફેરી શબ્દ સ્વાધ્યાય પ્રવ્રુત્તિના પ્રણેતા પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેએ આપેલ છે. ભક્તિફેરીનો સામાન્ય અર્થ કરીએ તો, ભક્તિ ફેરી (ફરવુ, ઘુમવું, અન્ય પાસે જવું), એટલે ભક્તિના દ્રષ્ટિકોણથી અન્ય પાસે જવું. ભગવાન અને આપણી વચ્ચેનો સંબંધ સમજવા અને સમજાવવા જવું. એવો થાય છે. મનુષ્ય ગૌરવદિનની ભક્તિફેરી એટલે તારીખ ૧૯ થી ૨૫ ઓક્ટોબર વચ્ચે ગોઠવવામાં આવતી ભક્તિફેરી, જેમાં લાખોની સંખ્યામાં સ્વાધ્યાય પરીવારના અનુયાયિઓ દૈવિ સંબંધ બાંધવાં ભક્તિફેરીમાં નિકળે છે.

**પાંડુરંગ શાસ્ત્રી - હિન્દુ ધર્મના શાસ્ત્રોના પ્રખર વિદ્વાન**

પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનો જન્મ મહારાષ્ટ્ર રાજ્યના કોંકણ પ્રદેશમાં રોહા નામનાં ગામમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ તેમનાં પિતા વૈજનાથ આઠવલે (શાસ્ત્રી) તથા માતા પાર્વતી આઠવલેનાં પાંચ સંતાનો પૈકીના એક હતા, પાંડુરંગ શાસ્ત્રી પોતે હિન્દુ ધર્મના શાસ્ત્રોના પ્રખર વિદ્વાન હતા. તેમણે હિન્દુ ધર્મના મહાગ્રંથ ગીતાનાં જ્ઞાનને સરળ શૈલીમાં સમજાવી સામાન્ય લોકો સુધી પહોચાડવાનો પુરુષાર્થ આદર્યો હતો. એના પરિણામ સ્વરૂપ સ્વાધ્યાય પરિવારની સ્થાપના થઈ, જેમાં આજે લાખો લોકો હોંશે હોંશે સક્રિયપણે જોડાયેલા છે. આ પરિવારમાં વિદ્વાનોથી માંડી સામાન્ય માનવી પણ જોવા મળે છે. તેઓ ઓક્ટોબર ૨૫, ૨૦૦૩નાં રોજ ધામમાં ગયાં હતા.

**સંકલન : આ.સી.પ્રો. ડો. સચિન જે. પીઠડીયા**

# મહોબતપરા ખાતે શૈક્ષણિક સંસ્થામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૧૯

ગીર ગુંજન વિદ્યાલય - મહોબતપરા ખાતે ધ્યાન શાળા વિકાસ સંકુલ- ગીર ગઢડા અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ઉના અને ગીર ગઢડા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો. ગીર ગુંજનના પ્રાંગણમાં ચંદ્રયાન-૩ નું ચંદ્ર ઉપર લેન્ડિંગનો ડેમો વિદ્યાર્થીઓને પ્રદર્શિત કરવામાં આવ્યો ગીર ગઢડા તાલુકાની દરેક શાળાઓ એ ભાગ લઈ પોતાનામાં રહેલી બાળ વૈજ્ઞાનિક શક્તિને પ્રદર્શિત કરી હતી આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત કારોબારી સમિતિ ચેરમેન શ્રી ડાયાભાઈ જાલોંધરા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, ટ્રસ્ટ પ્રમુખ પીઠાભાઈ નકુમ, તાલુકા કારોબારી ચેરમેન શ્રી કાનજીભાઈ, તાલુકા પંચાયત ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કીડેચા, ટ્રસ્ટી મુકેશભાઈ, મંગળભાઈ તથા મેનેજિંગ ટ્રસ્ટી દેવાયતભાઈ વાઘમશીની ઉપસ્થિતિમાં સફળ રીતે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો

# સગર સમાજની ભગીરથ જન કલ્યાણ યાત્રાનું ભાણવડ ખાતે વિશાળ રેલી સાથે આગમન

**મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જાહેરસભાના કાર્યક્રમો યોજાયા**



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ભાણવડ મુકામે ભગીરથ જન કલ્યાણ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારત ભરમાં વસતા ભગીરથ રાજાના વંશજો જે હાલ ભારતના જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી જ્ઞાતિઓ તરીકે વસવાટ કરી રહ્યા છે અને આ વિશાળ સમાજની વસ્તી અંદાજે ૨૦ કરોડ જેટલી થાય છે. આ તમામ ભગીરથ વંશજો એકબીજા સાથે પરિચય મેળવે અને સમાજમાં એકતા સ્થપાય તેવા ઉમદા હેતુથી હરિદ્વારથી સોમનાથ જવા નીકળેલી આ ભગીરથ જન કલ્યાણ યાત્રા ગઈકાલે બુધવારે ભાણવડ મુકામે પહોંચી હતી. બુધવારે બપોરે ભાણવડની રવિરાજ હોટલ ખાતેથી નીકળેલી આ વિશાળ શોભાયાત્રા રણજીતપરા વિસ્તારમાં થઈને સગર સમાજ સુધી યોજાઈ હતી. સગર સમાજ ખાતે પહોંચીને આ રેલી જાહેરસભામાં ફેરવાઈ હતી. ભાણવડ તથા આસપાસના વિસ્તારોમાંથી આશરે ૭૦૦ જેટલા નોંધપાત્ર સંખ્યામાં સગર સમાજના ભાઈઓ તથા બહેનો આ રેલી- સભામાં જોડાયા હતા. આ સભાને આણંદભાઈ કરથીયા તથા ભગીરથ જન કલ્યાણ યાત્રાના રાષ્ટ્રીય સંયોજક હરિશ્ચંદ્ર મહંતો દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું.

# ગાંધવી ગામે સમુદ્ર કિનારે તથા ભાણવડ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧૯

રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા તા. ૧૫ ઓક્ટોબરથી તા. ૧૫ ડીસેમ્બર સુધી દૈનિક ધોરણે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.



દેવભૂમિ દ્વારકા જિલ્લામા સ્વચ્છતા હી સેવા અંતર્ગત બે મહિના સુધી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં થીમ આધારિત સફાઈ અભિયાનના ભાગરૂપે ૨૧ ઓક્ટોબર સુધી શહેર અને ગ્રામ્ય વિસ્તારના નદી, તળાવ,સમુદ્ર કિનારા સહિતના સ્થળોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી છે.

જેના ભાગરૂપે કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામમાં સમુદ્ર કિનારા ખાતે સફાઈ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ અભિયાનના ભાગરૂપે બુધવારે ભાણવડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા રામેશ્વર પ્લોટમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કચરાના નિકાલ માટે જરૂરી વ્યવસ્થા પણ કરાઈ હતી.

# ખંભાળિયાના ભાતેલ ગામે તત્કાલીન રાજ્યમંત્રી હકુભા જાડેજા પરિવાર દ્વારા માતાજીનું નવરાત્રી અનુષ્ઠાન

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામના મૂળ વતની અને જામનગર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય તથા તત્કાલીન રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના મહાપર્વ નિમિત્તે અનુષ્ઠાન કરવામાં આવી રહ્યું છે. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી હકુભા જાડેજા દ્વારા પોતાના વતન ભાતેલ ખાતે આવેલા આશાપુરા માતાજીના મંદિર ખાતે નવરાત્રિમાં અનુષ્ઠાન મારફતે માતાજીની આરાધના કરવામાં આવે છે.

આ વખતે શરૂ થયેલા અનુષ્ઠાન દરમ્યાન અહીં શારદા પીઠના વિદ્યાર્થીઓ પણ આવે છે. અહીં માતાજીના મંત્ર સાથે ૧૧ લાખ જાપ કરવામાં આવે છે. જુદા જુદા વિસ્તારોમાંથી ખાસ આવેલા વિદ્વાન બ્રાહ્મણો દ્વારા દરરોજ સવારે સાડા સાત વાગ્યાથી રાત્રે સાડા સાત વાગ્યા સુધી જાપ કરવામાં આવે છે.



સાથે સાથે અહીં હોમ હવન તેમજ પૂજન અર્ચનમાં ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા તથા તેમનો પરિવાર માતાજીની આરાધના કરે છે. નવરાત્રિના અંતે દર વખતે વિવિધ ફળોની આહુતિ આપવામાં આવે છે. આ વખતે પણ હવનાષ્ટમીના બિલ્વ ફળની આહુતિ બાદ નવરાત્રિની પૂર્ણાહુતિ થશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અપમૃત્યુના ચાર બનાવ નોંધાયા

(કુંજન રાડિયા દ્વાર)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા અનવરભાઈ જુમાભાઈ રાજા નામના ૪૦ વર્ષના મુસ્લિમ યુવાન તેમના જી.જે. ૧૦ ડી.પી. ૪૫૫૦ નંબરના એક્સેસ મોટરસાયકલ ઉપર બેસીને ગોઈંજથી સલાયા ગામે જઈ રહ્યા હતા. તે દરમ્યાન સ્મશાન પાસે તેમનું મોટરસાયકલ સ્લીપ થઈ જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની જાણ મૃતકના મોટાભાઈ અલીમામદભાઈ જુમાભાઈ રાજાએ મરીન પોલીસને કરી છે. ખંભાળિયા તાલુકાના ઠાકર શેરડી ગામે રહેતા પ્રેમજીભાઈ રણમલભાઈ કણજારીયા નામના ૪૨ વર્ષના યુવાન ગઈકાલે સાંજના સમયે પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. ત્યારે તેમને હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમને મૂર્છિત હાલતમાં અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ હરિભાઈ રાજાભાઈ કણજારીયાએ સ્થાનિક પોલીસને કરી છે. ખંભાળિયામાં શક્તિનગર વિસ્તારમાં રહેતા રામજીભાઈ દામજીભાઈ નકુમ નામના ૫૨ વર્ષના સતવારા આધેડને હૃદયરોગનો જીવલેણ હુમલો આવી જતા તેમનું મૃત્યું નીપજ્યું હોવાની જાણ મૃતકના પુત્ર પરેશભાઈ નકુમ(ઉ.વ. ૨૭) એ અહીંની પોલીસને કરી છે. ઓખા મંડળમાં ન્યુ બર્માશલ ક્વાર્ટર સામે રહેતા સંદીપભાઈ નારણભાઈ સિસોદીયા નામના ૪૮ વર્ષના રાજપુત યુવાનને શિપયાર્ડમાં ભારતીય કોસ્ટ ગાર્ડની શીપની અંદર કામ કરતી વખતે સંભવિત રીતે વીજશોક લાગતા અથવા હૃદયરોગનો હુમલો આવતા તેમનું મૃત્યું નીપજ્યું હતું. જે અંગેની નોંધ ઓખાના રહીશ નિર્મલસિંહ દિલાવરસિંહ રાયજાદાએ ઓખા મરીન પોલીસને કરી છે.

# ખંભાળિયામાં બેફામ બની ગયેલા વ્યાજંકવાદીઓએ તોતિંગ વ્યાજ વસૂલ કરીને યુવાનને મારી નાખવાની ધમકી આપી

(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં રહેતા એક સતવારા યુવાનને ત્રણ લાખની રકમ હાથ ઉછીની આપીને દરરોજના બે ટકા વ્યાજ વસૂલ્યા પછી પણ વધુ રૂપિયા ૧૦ લાખ મેળવવા માટે તેને ધાક ધમકી આપવામાં આવી હોવાનો બનાવ અહીંની પોલીસમાં નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા નજીકના હરીપર વાડી વિસ્તારમાં રહેતા પ્રકાશભાઈ હરજીભાઈ નકુમ નામના ૪૯ વર્ષના સતવારા યુવાને અહીંના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા દેવું ખીમા રૂડાચ અને વેરશી દેવુ રૂડાચ નામના બે શખ્સો સામે અહીંની પોલીસમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ પોલીસ ફરિયાદમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ફરિયાદી પ્રકાશભાઈને આજથી આશરે બે વર્ષ પૂર્વે રોકડ રકમની જરૂર પડતા તેમણે આરોપીઓ પાસેથી રોજના બે ટકા લેખે રૂા.૩,૦૦,૦૦૦ લીધા હતા. જે રકમ તેઓ અઠવાડિયામાં ચૂકવી ન શકતા આરોપી દેવુ ખીમા અને વેરશી દેવુ રૂડાચએ ફરિયાદી પ્રકાશભાઈ સતવારાને પોતાની ઓફિસે બોલાવી અને બિભત્સ ગાળો કાઢી, ઢીકાપાટુનો માર માર્યો હતો. આ વચ્ચે આરોપીઓએ ફરિયાદી પ્રકાશભાઈ નકુમ પાસેથી રૂા.૨૩ લાખ રોકડા તેમજ બેંકના ચાર કોરા ચેક પણ પડાવી લીધા પછી પણ વધુ રૂપિયા ૧૦ લાખની માંગણી કરી, આ રકમ આપવા માટે તેણે જાનથી મારી નાખવાની ધમકી આપી દબાણ કર્યું હતું. આમ તોતિંગ વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને આરોપી શખ્સોએ ફરિયાદી પ્રકાશભાઈ નકુમ પાસેથી ચાર ચેક પડાવી લઈ અને બળજબરીપૂર્વક ઊંચું વ્યાજ વસૂલ કરી, નાણા ધીરધારના લાયસન્સની શરતોનું ઉલ્લંઘન કર્યાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસે બંને શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૮૬, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા ગુજરાત મની લેન્ડર્સ એક્ટરની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ઉનાનો ટાવર ચોક હવે પારેખ ચોક તરીકે ઓળખાશે

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૧૯




૫૭ વર્ષ પહેલાં ઉના શહેર ના નગરજનો ને સમય ની સાથે ચાલવાની પ્રેરણા આપવાના ધ્યેય સાથે નિર્માણ થયેલ ત્રિભોવનદાસ પારેખ ટાવર સમય રફતાર અને વાતાવરણ ની થપાટ થી જર્જરિત થઈ ગયેલ હતો.ત્યારે પરીવર્તન એ સંસાર નો નિયમ છે. પ્રથમ તસ્વીરમાં ૧૯૬૬ માં નિર્માણ થયેલ ત્રિભોવનદાસ પારેખ ટાવર ની છે જયારે બીજી તસ્વીરમાં જર્જરિત ટાવર ને ઉતારી લીધાં બાદ તા ૧૭/૧૦/૨૩ ની સાફ જગ્યા ની છે આજે આ જગ્યા એ નગરજનો ની વધું સુવિધા માટે નવા ચોક નાં નિર્માણ નો પ્રોજેકટ ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ના વિકાસ લક્ષી માર્ગદર્શન હેઠળ કાર્યરત ઉના નગરપાલિકા એ હાથ ધર્યો છે જે આગામી દિવસોમાં નવનિર્માણ થનાર રેલ્વે ફાટક થી મચ્છુન્દ્રી નદી ના પુલ સુધી બંને સાઈડ સીસી રોડ તથા વચ્ચે ડીવાઈડર નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે હાલ ના ટાવર ચોક હવે પારેખ ચોક તરીકે ઓળખાશે.

# ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં શનિવારે સત્સંગ તથા રાસનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧૯



ખંભાળિયા શહેરની મધ્યમાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી શ્રી સેવાકુંજ હવેલી ખાતે ગોસ્વામી શ્રી નૂપુર બાવાના લાલન ચિ. ગોસ્વામી શ્રી ધ્યેયરાયજી બાવાશ્રીના જન્મદિવસ નિમિત્તે આગામી શનિવાર તારીખ ૨૧ મીના રોજ (સાતમના) સેવાકુંજ હવેલી ખાતે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

આ પ્રસંગે શનિવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાન હવેલી ખાતે સત્સંગ તથા વૈષ્ણવો માટે રાસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં સહભાગી થવા સર્વે વૈષ્ણવો ભાઈઓ-બહેનોને હવેલીના ગોસ્વામી શ્રી માધવી વહુજી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આવતીકાલે છઠ્ઠા નોરતે મા કાત્યાયનીનું પૂજન

આવતીકાલે શુક્રવારે, છઠ્ઠા નોરતે માતાજી કાત્યાયની નું પૂજન માતાજીનાં છઠ્ઠા સ્વરૂપનું નામ ભગવતી કાત્યાયની છે .

મહર્ષિ કાત્યાયનને ત્યાં પુત્રી રૂપે જન્મ લીધેલો હોવાથી ભગવતી કાત્યાયનીના નામથી પ્રસિધ્ધ થયા છે . એક કથા પ્રમાણે માતાજીએ આસો વદ ચૌદશનાં દિવસે મહર્ષિનાં ઘરે જન્મ લઈ અને આસો શુદ સાતમ આઠમ નોમની પૂજા સ્વીકારી અને દશમનાં દિવસે માતાજીએ મહિષાસુર નો વધ કરેલો. માતાજી કાત્યાય ની વ્રજ મંડળનાં અધિષ્ઠાત્રી દેવીનાં રૂપમાં પ્રસિધ્ધ છે . માતાજીનું સ્વરૂપ ભવ્ય છે . માતાજીનાં ચાર હાથમાં જમણા હાથમાં અભય વરદાન આપે છે . ડાબી બાજુનાં હાથમાં તલવાર અને કમળ છે . વાહન સિંહનું છે. માથા ઉપર સોનાનો મુકુટ છે .

માતાજી ની ઉપાસના છઠ્ઠા નોરતે કરવામાં આવે છે . માતાજીની ઉપાસનાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ થાય છે .

બીજ મંત્રઃ ૐ શ્રીં શ્રીં ત્રિનેત્રાયનમઃ

નૈવેધઃ માતાજીને સાકરવાળા દુધનો પ્રસાદ અર્પણ કરવો . અને મધ અર્પણ કરવાથી ધન ની પ્રાપ્તી થાય છે . જે ના વિવાહ નો થતા હોય તો મા કાત્યાયની નું પૂજન કરવું ફળદાયક રહેશે

**શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# જૂનાગઢમાં ત્રણ સ્થળોએ દેહ વ્યાપારના હાટડાનો પર્દાફાશ

## જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ખાસ ડ્રાઈવ યોજી ઝાંઝરડા રોડ, શાંતેશ્વર અને રાજકોટ રોડ ઉપર પાડયા દરોડા : મહિલા સહિત બેની અટક





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાં દેહ વ્યાપાર તેમજ કુટણખાનું ચાલતું હોવાની ચોક્કસ બાતમીના આધારે એક જ દિવસમાં ત્રણ જગ્યાએથી પોલીસે દરોડા પાડી અને કુટણખાનાનો પર્દાફાશ કરતા ચકચાર જાગી ઉઠી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢ શહેરમાં એક જ દિવસમાં દેહ વ્યાપારના ૩ ધંધાનો પર્દાફાશ થયો છે. પોલીસે શાંતેશ્વરમાંથી ૧, ઝાંઝરડા રોડ વિસ્તારમાંથી ૨ અને રાજકોટ રોડ ઉપર મહિલા સહિત ૨ની અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. નવરાત્રિના પવિત્ર દિવસોમાં જ ગોરખધંધા પકડાતા શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે મળતી વિગત મુજબ દેહ વ્યાપારની પ્રવૃત્તિને રોકવા માટે એસપી હર્ષદ મહેતા દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં એલસીબી પીઆઈ જે.જે. પટેલ અને તેના સ્ટાફે શાંતેશ્વર રોડ વિસ્તારમાં આવેલ બંધ પડેલા શ્રીજીવંદના એપાર્ટમેન્ટમાં દરોડો પાડયો હતો. જેમાં પહેલા માળે ડમી ગ્રાહક મોકલીને દેહ વ્યાપારનો ગોરખધંધો પકડી પાડયો હતો. અત્રેથી રાહુલ રામપ્રસાદ રાવ નામના એજન્ટની ધરપકડ કરવામાં આવી હતી. જયારે સંચાલક રવિ રાખસીયા, રૂપા વિરેન્દ્ર રાવ અને રોહિત કવા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જયારે બી ડીવીઝન પીઆઈ એન.એ. શાહ અને સ્ટાફે ઝાંઝરડા રોડ ઉપર આવેલ રાધેશ્યામ એપાર્ટમેન્ટમાં રેડ પાડી હતી અને ગ્રાઉન્ડ ફલોર ઉપર ચાલતો ગોરખ ધંધો પકડી પાડી અશોક ગીગાભાઈ અને નૈમિષ બાબરીયાની અટક કરી સ્નેહા કમલેશ સોઢાતર સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ત્રણેય આરોપીઓ મકાન ભાડે રાખીને દેહ વ્યાપાર કરતી સ્ત્રીઓને રાખી બહારથી ગ્રાહકો બોલાવીને કુટણખાનું ચલાવતા હતા. સીપીઆઈ આર.એમ. વસાવા તેમજ પીએસઆઈ જે.ડી. દેશાઈ વગેરેએ જૂનાગઢમાં રાજકોટ રોડ ઉપર કારના શોરૂમ સામે અનૈતિક વ્યાપારનો પર્દાફાશ કર્યો હતો. અહીંથી સૂર્યાબેન ઉર્ફે રાધા અરવિંદ પરમાર અને અરવિંદ જીવા પઢીયારની અટકાયત કરી તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ત્રણ દરોડોમાં કુલ ૬ મહિલાઓ મુકત કરાવી તેમને સાક્ષી બનાવવામાં આવી છે.

જૂનાગઢ પોલીસે શહેરના ૩ વિસ્તારોમાંથી દેહ વ્યાપારના કાળા કરતૂતોનો પર્દાફાશ કરતા શહેરભરમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. ખાસ કરીને મેગા સિટીમાં થતી અનૈતિક પ્રવૃતિનો પગપેસારો જૂનાગઢની ધાર્મિક નગરી સુધી પહોંચી જતા સનસનાટી મચી જવા પામી છે. હાલ નવરાત્રીનું પાવન પર્વ ચાલી રહ્યું છે તેવા સમયે જ આ ધંધાનું ખુલવા પામતા શહેરના સુજ્ઞ નાગરિકોમાં આચકો લાગ્યો છે. જોવાની ખુબી એ છે કે, આ અનૈતિક વ્યાપરનો કારોબાર છેલ્લા પાંચ મહિના કરતા પણ વધુ સમયથી ચાલતો હતો. જોકે પોલીસે બાતમીના આધારે દરોડા પાડી આરોપીઓને ઝડપી લીધા હતા. ત્યારે હવે આ ધંધામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ ? તે અંગે પણ તપાસ હાથ ધરી આવા આરોપીઓને પણ ઝડપી લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### ગરબાની સમય મર્યાદા અંગેની ગૃહમંત્રીની જાહેરાત અંગે અવઢવ

# સર્વોચ્ચ અદાલતનાં આદેશ અનુસાર રાત્રીનાં ૧૨ વાગ્યા પછી સાઉન્ડ સીસ્ટમ ચાલું રાખી શકાતું નથી

## ગરબા રમવા સામે વાંધો છે જ નહી મુળ પ્રશ્ન ઘોંઘાટનો છે : કરીટ સંઘવી સીનીયર એડવોકેટ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરના લોકોની એક માનસિકતા રહી છે કે, ભાજપની ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકાર કોઈ યોજના તો અથવા તો જાહેર જનતાને સ્પર્શતી જાહેરાતો કરવામાં આવે ત્યારે લગભગ આવી જાહેરાતોને કોઈપણ જાતનું અનવેશણ કર્યા વિના તેને આવકાર આપતા સંદેશાઓની ભરમાર શરૂ થઈ જાય છે. એવું તાજેતરમાં જ બનવા પામેલ છે. નવરાત્રીના આ પવિત્ર દિવસો દરમ્યાન નવરાત્રી મહોત્સવની રાજયભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન જ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ રાત્રીના ૧૨ પછી પણ ગરબા રમવાની જાહેરાત કરતા ખેલૈયાઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. જોકે હાઈકોર્ટે ૧૨ વાગ્યા પછી માઈક બંધ રાખવા અંગે જણાવ્યું છે. બીજી તરફ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જે જાહેરાત કરી છે તેનું અર્થઘટન ખોટું થઈ રહ્યું છે. ગરબા આખી રાત રમવા હોય તો રમી શકાય છે પરંતુ સાઉન્ડ સિસ્ટમ વિના એટલે કે ઘોંઘાટ વિના માતાજીના ગરબા, આરાધના કરો તો તેમાં કોઈને કાંઈ વાંધો કે મુશ્કેલી ન હોય પરંતુ સવાલ છે એ ઘોંઘાટનો છે. આજના સમયમાં આધુનિક સાઉન્ડ સિસ્ટમને પગલે ઘોંઘાટભર્યા વાતાવરણમાં ગરબાઓ ગવાય છે અને માતાજીના આરાધના કરવામાં આવી હોય છે. તે બાબતે નાગરિકો દ્વારા માતાજીના ગરબા કે માતાજીની આરાધના કરવા સામે કોઈ જ વાંધો લેવામાં આવેલ નથી પરંતુ જાહેર હિતની અરજીઓ કરી અને જે ઘોંઘાટ ભર્યું વાતવરણ થાય છે તે ધ્વની પ્રદુષણ અંગે રિટ દાખલ કરવામાં આવતી હોય છે અને આ બધી સમસ્યાના અંત માટે સુપ્રિમ કોર્ટે રાત્રીના ૧૨ પછી માઈક બંધ રાખવાની ગાઈડ લાઈન જારી કરેલી છે અને આ દરમ્યાન હાલ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ૧૨ પછી પણ ગરબા ચાલું રાખી શકશે તેવા મંતવ્યમાં એમ નથી કહ્યું કે, ૧૨ વાગ્યા પછી પણ સાઉન્ડ સિસ્ટમ ચાલું રાખી શકાશે. હર્ષ સંઘવીની આ જાહેરાતને પગલે જૂનાગઢમાં પણ તેને આવકાર આપવાની પ્રક્રિયાના મેસેજો વહેતા થયા છે પરંતુ આ સાથે જ ગમેતેવી પરિસ્થિતિમાં પણ પોતાના કાયદાકીય જ્ઞાનનો લાભ આપતા જૂનાગઢના કાનુની નિષ્ણાંત કિરીટ બી. સંઘવીએ પોતાના મંતવ્યો ઉપર આજે પણ અડગ છે. તેઓએ જણાવ્યું છે કે, માઈભકતો આખી રાત ગરબા લે તેની સામે વાંધો નથી પરંતુ રાત્રીના ૧૨ પછી માઈક ચાલું ન રહેવા જોઈએ. કારણ કે સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટે આદેશ આપ્યો છે નોઈસ પોલ્યુશન એકટ મુજબ માઈક ૧૨ વાગ્યા પછી ચાલું રાખી શકાતું નથી.

# જૂનાગઢ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાને લઈને કડક પગલા : વધુ ૧૨૨ વિરૂધ્ધ કાર્યવાહી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા તરીકે કાર્યદક્ષ અધિકારી હર્ષદ મહેતાએ જયારથી પદભાર સંભાળ્યો છે ત્યારથી જૂનાગઢ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંગીન બનાવવા માટેના સફળ પ્રયાસો હાથ ધર્યા છે. એટલું જ નહી કાયદાનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. નવરાત્રી દરમ્યાન પણ શાંતીપુર્ણ માહોલ બની રહે તે માટે સતત પોલીસનું પેટ્રોલીંગ તેમજ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. નવરાત્રિ પર્વ દરમ્યાન અસામાજિક પ્રવૃત્તિને કોઈ અવકાશ રહે નહિ, લકોની સલામતી, કાયદો વ્યવસ્થા, ટ્રાફિક નિયમન જળવાય રહે તે માટે જૂનાગઢ શહેર-જિલ્લામાં પોલીસ દ્વારા રવિવારથી નવરાત્રિ સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેના ત્રીજા દિવસે મંગળવારે નંબર પ્લેટ વગરના અને માન્ય નંબર પ્લેટ ન હોય એવા ૪૨ વાહન ચાલકો, કાળા કાચવાળા ૨૦ વાહનો, પીધેલા-ડ્રગ્સ લીધેલ ૩૦ ઈસમો, નશાની હાલતમાં વાહન ચલાવતા ૨ ચાલક, હથિયારબંધી જાહેરનામા ભંગ સબબ ૧ કેસ, પૂરઝડપે વાહન હાંકનાર ૪ શખ્સો, વાહન ડીટેઈન ૧૩ કેસ, તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ ૫ કેસ અને ૫ ઈસમો સામે અટકાયતી પગલા સહિત કુલ ૧૨૨ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

## ભવનાથ ખાતે સંતો અને દત્ત ભકતોનું સંમેલન અને જાહેર સભા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

શ્રી ગુરૂ દત્તાત્રેય સંસ્થાન ગિરનાર દ્વારા સંતો અને દત્ત ભકતોનું સંમેલન અને જાહેર સભાનું આયોજન કરેલ છે. તા.૨૮-૧૦-૨૦૨૩ સાંજે ૪ કલાકે ભવનાથ તળેટી મેદાન ખાતે સંતોનું આ સંમેલન યોજાશે. દત્ત શિખર, શ્રી ગુરૂ દત્તાત્રેય ચરણ પાદુકા મંદિર ગિરનાર જે સનાતન હિન્દુ ધર્મનું શ્રધ્ધા અને આસ્થાનું પવિત્ર સ્થળ છે તે સિધ્ધ ક્ષેત્ર ઉપર દિગંબર જૈન સમાજના લોકો દ્વારા થયેલા હુમલા અને હિન કૃત્યના વિરોધમાં પ્રશાસન દ્વારા એફઆઈઆરની નોંધણી થાય તે માટે ગુજરાતના સંતોએ દત્ત ભકતોનું આ સંમેલન અને જાહેરસભા યોજવામાં આવી રહી હોવાનું એક યાદીમાં જણાવેલ છે.


**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# જૂનાગઢમાં બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા ચૈતન્ય દેવીઓની ઝાંખીના દર્શનનો ભવ્ય કાર્યક્રમ



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા નવરાત્રિના દિવસો આવતીકાલ તા.૨૦ થી તા.૨૨ ઓક્ટોબર શુક્રવારથી રવિવાર સુધી રાત્રે ૯:૦૦ થી ૧૧.૩૦ સુધી ચૈતન્ય દેવીઓ ની ઝાંખીના દર્શન કાર્યક્રમનું ભવ્ય આયોજન આઝાદ ચોક પાસેના એજી સ્કૂલના મેદાનમાં કરવામાં આવ્યું છે. નવલા નોરતાં દરમિયાન ખાસ લોકો શ્રદ્ધા અને ભાવનાથી દેવીઓની પૂજા આરાધના વ્રત અને ગરબા કરવામાં આવતા હોય છે ત્યારે બ્રહ્માકુમારી જૂનાગઢ દ્વારા દેવીઓને જૂનાગઢની ધરતી પર ચૈતન્ય રૂપમાં ઉતારવામાં આવશે એટલે કે દેવિઓ ને તેમના આભૂષણો અને વાહનોમાં સોળે કલાએ શ્રુગારીત કરવામાં આવશે.

ખાસ ત્રણે દિવસ દેવીઓને શહેરના અગ્રણી મહાનુભાવો દ્વારા મહા આરતી પૂજા કરવામાં આવશે ઉપરોક્ત માહિતી આપતાં બ્રહ્માકુમારી વિદ્યાલયના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી દમયંતી દીદી અને બ્ર.કુ.બીનાબેને લોકો ને બહોળી સંખ્યામાં દેવિઓની ચૈતન્ય ઝાખી ના દર્શન નો લાભ લેવા નિમંત્રણ આપ્યું હતું.

## વડાલમાં રૂા.૧.૬૦ લાખના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ તાલુકાના વડાલ ગામે રહેતા લલીતકુમાર જેન્તીલાલ મકવાણાએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૪-૧૦-૨૦૨૩ કલાક ૧૫થી તા.૧૫-૧૦-૨૦૨૩ કલાક ૧૪:૩૦ દરમ્યાન કોઈપણ સમયે ફરિયાદીના રહેણાંક મકાનના દરવાજાના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલ સોનાનું મંગલસુત્ર, સોનાની બુંટી સહિતના સોના ચાંદીના દાગીના વિગેરે મળી કુલ રૂા.૧.૬૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**પ્લોટ વેચાવ છે**

કોર્નરનો ખુરશી ભરેલ ૭૮ વારનો, શ્યામ બંગલો, કૈલાશ પાર્ક-૧, ભકિતનગર પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.
દલાલભાઈઓ આવકાર્ય

મો. ૯૪૨૬૪ ૭૬૬૮૨



## મેંદરડામાં આયુર્વેદીક આલ્કોહોલયુકત દવાનું વેંચાણ રૂા. ૮૪ હજારનાં મુદ્દામાલ સામે વેપારી સામે કાર્યવાહી

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ જીલ્લાનાં મેંદરડા ખાતે એક દુકાનમાંથી પોલીસે આયુર્વેદીક આલ્કોહોલયુકત ૫૬૦ બોટલ કબ્જે કરી અને વેપારી સામે કડક કાર્યવાહી કરી છે. મેંદરડામાં માધવ સીંગ ભંડાર નામની દુકાનમાં ગેરકાયદેસર રીતે આયુર્વેદીક આલ્કોહોલયુકત દવાની બોટલનું વેંચાણ થતું હોવાની બાતમીનાં આધારે પીએસઆઈ કે.એમ. મોરીએ દરોડો પાડયો હતો. અને ૫૬૦ બોટલ રૂા. ૮૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી વેપારી પ્રદિપ તુલસીદાસ કાનાબારની ધરપકડ કરી તેમનાં પોલીસે તેમનાં વિરૂધ્ધ વધુ કાર્યવાહી હાથ છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ડો. એમ.ડી. વ્યાસ**



(એમ.ડી. (પેડ)
બાળ આરોગ્ય નિષ્ણાંત

ભૂતપૂર્વ બાળરોગ નિષ્ણાંત ● સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ - લીંબડી ● ઈરવીન હોસ્પીટલ જામનગર

**આદિત્ય બાળકોની હોસ્પીટલ**

જે.બી. કોમ્પ્લેક્ષ, બીજા માળે, એસ.ટી. બસ સ્ટેશન સામે, જૂનાગઢ

મો. ૯૪૨૭૬ ૩૩૦૪૩



**નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...**

- હરકયુલિસ સાયકલ
- કોરાડો સાયકલ
- હીરો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- બીએસએ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- વિકટર ૯૧ સાયકલ
- દાસ સાયકલ
- હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

**ગેલેક્સી**
ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જયોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

**ફોન કરીને અવશ્ય આવવું**